પરમ
વિશ્વાસ

શ્વાસે શ્વાસે સ્વીકાર!
It's possible!

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબનાં
પ્રેરણાદાયી પ્રવચનો

પરમ
વિશ્વાસ

શ્વાસે શ્વાસે સ્વીકાર!

It's possible!

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબનાં
પ્રેરણાદાયી પ્રવચનો

પરમ વિશ્વાસ

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબનાં પ્રવચનો

પ્રથમ આવૃત્તિ: સપ્ટેમ્બર-2020

પ્રકાશક: પરમ પ્રકાશન

Jain Diksha (Public & Religious Trust)

in association with Parasdham

Opp. B. C. C. I. Ground, Mahavir Nagar, Kandivali (West),

Mumbai – 400 067, Maharashtra, India

: પ્રાપ્તિસ્થાન :

PARASDHAM

Vallabh Baug Lane, Tilak Road, Ghatkopar (East),
Mumbai – 400 077, Maharashtra, India

12/2A, Bakul Bagan Row, Bakul Bagan, Bhowanipore,
Kolkata – 700 025, West Bengal, India

4, Africa Colony, Saurashtra Kala Kendra, Sadguru Nagar,
Kalavad Road, Rajkot – 360 007, Gujarat, India

PAWANDHAM

Opp. B. C. C. I. Ground, Mahavir Nagar, Kandivali (West),
Mumbai – 400 067, Maharashtra, India

Hathibhai Nagar, Diwalipura, Old Padra Road,
Vadodara – 390 015, Gujarat, India

E-mail: connect@parasdham.org

Contact: +91 8657484493

Published by: Param Prakashan

Typesetting by: Keystroke Design & Kirit Graphics

Failure હોય કે frustration,

Question હોય કે query,

Doubt હોય કે desire,

Confusion હોય કે confession,

જ્યારે મનને મૂંઝવતી મૂંઝવણ દૂર થાય છે,

ત્યારે મુખ પર મુસ્કાન પ્રગટે છે!

જ્યારે સમસ્યાનું સમાધાન મળે છે

ત્યારે શાંતિ અને સમાધિનું પ્રાગટ્ય થાય છે

અંતરથી સત્ય પ્રત્યેની શ્રદ્ધા અને

સ્વયં પ્રત્યેના વિશ્વાસના તરંગો

વૈશ્વિક શક્તિઓને આકર્ષિત કરીને

અવશ્યમેવ લક્ષ્યવેધ કરાવે છે.

સ્વયંનો સ્વયંમાં વિશ્વાસ પ્રગટાવે તેવા

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના
શ્રીમુખેથી વહેતા પ્રવચનોનું અક્ષરરૂપ એટલે,

પરમ વિશ્વાસ !

નિદ્રાવિજેતા આચાર્યદેવ
પૂજ્ય શ્રી ડુંગરસિંહજી
મહારાજ સાહેબ

પ્રગટ પ્રભાવક
પૂજ્ય શ્રી માણેકચંદ્રજી
મહારાજ સાહેબ



સૌરાષ્ટ્ર કેસરી
પૂજ્ય શ્રી પ્રાણલાલજી
મહારાજ સાહેબ

તપસમ્રાટ
પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મહારાજ સાહેબ

હે ઉપકારી ગુરુદેવ!
આપશ્રીના ચરણોમાં ભાવપૂર્વક વંદન

RASHTRASANT PARAM GURUDEV
SHREE NAMRAMUNI MAHARAJ SAHEB'S 50TH JANMOTSAV
PARAMOTSAV

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ
શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબનાં 50th જન્મોત્સવ,
પરમોત્સવ અવસરે, 50 પ્રવચન પુસ્તકોનું પ્રકાશન

પરમ અક્ષર

આત્મસાધકને સપ્રેમ ભેટ

To

____

____

____

From
કલ્યાણમિત્ર

____

શ્રુતજ્ઞાન અનુમોદના

શાસન દીપક ગુરુદેવ

પૂજ્ય શ્રી નરેન્દ્રમુનિ મહારાજ સાહેબ

અને

મા સ્વામી

પૂજ્ય શ્રી જયવિજયાજી મહાસતીજીની

પરમજ્ઞાન વારસાની

ઉપકાર ભાવે અભિવંદના કરતાં

ધર્મવત્સલા શ્રી બીનાબેન અજયભાઈ શેઠ

ક્વેસ્ટ ફાઉન્ડેશન, સાયન

તું તારા ભાવમાં રહે, એને એના ભાવમાં રહેવા દે,
એને કારણે તું તારા ભાવ ન બગાડ

સામાયિકનું મહત્ત્વ-આ એક કલાકની સાધના
એ આપણને બાકીના 23 કલાકમાં
કેવી રીતે જીવવું એ શીખવાડી જાય છે.

ધર્મ એટલે જીવવાની કળા

શાસન દીપક ગુરુદેવ
પૂજ્ય શ્રી નરેન્દ્રમુનિ મહારાજ સાહેબ

મૃત્યુ પછી માણસ સ્વર્ગમાં જાય એ મહત્ત્વનું નથી,
મહત્ત્વનું એ છે કે જ્યાં જાય,
ત્યાં સ્વર્ગ જેવું ધર્મમય વાતાવરણ ઊભું થાય.

પરિગ્રહત્યાગના સાધનથી
પાપના પરિપાકનો મેલ ધોઈને
આત્માને જે નિર્મળ બનાવે તે 'દાન'

'દાન' આત્માની શુદ્ધિ કરવાનું પ્રથમ પગથિયું છે.

મા સ્વામી
પૂજ્ય શ્રી જયવિજયાજી મહાસતીજી

|| આ ગ્રંથ પ્રકાશનના સહયોગી ||

જગતના અનંત આત્માઓ માટે સત્યવાણીનો પરમ યોગ કરાવીને હજારો આત્માઓને સંસાર સાગર તરાવી રહેલા આ ગ્રંથસર્જનમાં અમને સંપત્તિના પરિગ્રહથી મુક્ત થવાનો અવસર મળ્યો.

વારંવાર આવા અવસર અમને પ્રાપ્ત થાય
એ જ ભાવના...

શ્રી સોનલબેન કમલભાઈ સંઘવી

(ઝરીયા-ધનબાદ)

INDEX

01. પરમ વિશ્વાસ
દુઃખ મને દુઃખી ન કરી શકે તેના માટે શું કરવું? 13

02. પરમ વિશ્વાસ
Experience ન હોય તે છતા સફળતા કેવી રીતે મેળવવી? 19

03. પરમ વિશ્વાસ
જીવનની સાચી દિશા શું હોવી જોઈએ? 27

04. પરમ વિશ્વાસ
મનની સ્વતંત્રતાનો અનુભવ કઈ રીતે કરવો? 35

05. પરમ વિશ્વાસ
સત્કાર્યમાં સંપત્તિ અને સમયનો સદુપયોગ કેવી રીતે કરવો? 45

06. પરમ વિશ્વાસ
શું સંપત્તિ અને સમય વિના સત્કાર્ય શક્ય છે? 55

07. પરમ વિશ્વાસ
પરિસ્થિતિ બદલાતી ન હોય તો શું કરવું? 63

08. પરમ વિશ્વાસ
આદર્શ માતા-પિતા કઈ રીતે બનવું? 71

09. પરમ વિશ્વાસ
પ્રસન્નતાને ટકાવવા શું કરવું? 79

INDEX

10. પરમ વિશ્વાસ

Mistake કર્યા પછી પણ પ્રસન્ન રહી શકાય? 89

11. પરમ વિશ્વાસ

લાગણી પર control કઈ રીતે કરી શકાય? 95

12. પરમ વિશ્વાસ

સુખ ઘટે નહીં તે માટે શું કરવું? 103

13. પરમ વિશ્વાસ

મંત્રનું મહત્ત્વ શું? 109

14. પરમ વિશ્વાસ

Success ને maintain કઈ રીતે કરવી? 119

15. પરમ વિશ્વાસ

પ્રસંગો મનને અસર ન કરે તે માટે શું કરવું? 129

16. પરમ વિશ્વાસ

મહાન કેવી રીતે બની શકાય? 137

17. પરમ વિશ્વાસ

જે છે તેના કરતાં વધારે કેવી રીતે પ્રાપ્ત કરવું? 147

પરમ

વિશ્વાસ

શ્વાસે શ્વાસે સ્વીકાર!

It's possible!

?

દરેકના જીવનમાં સુખ અને દુઃખ બન્ને આવતાં હોય છે. સુખ વખતે સુખી થવું એ તો સ્વાભાવિક છે, પરંતુ કોઈ પણ દુઃખ મને દુઃખી ન કરી શકે એના માટે શું કરવું?

01

દુઃખ એવું છે કે જો આપણે એને ગણકારીએ તો એ double થાય અને જો આપણે એને અવગણીએ તો અડધું થાય.

યાદ રાખજો કે હરએક તકલીફ, હરએક પીડા, હરએક વેદના expiry date લઈને આવે છે. આ દુનિયામાં એક પણ દુઃખ એવું permanent ન હોય, એક પણ દુઃખ ક્યારે કાયમ ન હોય.

એક વિશ્વાસ રાખવો કે ગમે એવી પીડા કે તકલીફ હોય, ક્યારેય ડરવું નહીં કે આત્મવિશ્વાસને ક્યારેય ડગવા દેવો નહીં. દુઃખ વખતે જે strong રહે છે તેમને આખા વિશ્વની positive energy મળે છે અને દુઃખ વખતે જે ઢીલા થઈ જાય છે તેમને આખા વિશ્વની negativity મળે છે, માટે જ દુઃખમાં હંમેશાં strong અને positive રહેવું. **આ દુનિયાનું એક પણ દુઃખ એવું નહીં હોય જેની દવા આપણા મન પાસે ન હોય.**

પણ મોટા ભાગે લોકો દુઃખને જોઈને ગભરાઈ જતા હોય છે જેના કારણે દુઃખ હોય એના કરતાં મોટું લાગતું હોય છે, દુઃખ હોય એના કરતાં વધારે લાગતું હોય છે અને જે લાગતું હોય એના કરતાં વધારે બતાવતા હોય છે.

યાદ રાખો, દુઃખને જેટલું દેખાડશો એટલું double થશે અને દુઃખને છુપાવશો એટલું અડધું થશે.

તમારી selfને check કરો. જ્યારે પણ તમે સામેવાળી વ્યક્તિને દુઃખ બતાવો છો ત્યારે solution કરતાં વધારે લાગણીની અપેક્ષા રાખો છો.

લાગણી દુઃખને double કરે છે.

જેમની પાસે સમજ ન હોય તેવા લોકોને દુઃખ વખતે લાગણી ખૂબ જ ગમતી હોય છે, આશ્વાસન ગમતું હોય છે, પણ એ લાગણી, એ આશ્વાસન વ્યક્તિને strong નહીં પોચી અને નમાલી બનાવે છે. જે ઢીલા બને છે તે વધારે બીમાર પડે છે.

Mark કરજો, જે ઘરમાં લાગણીવાળા લોકો વધારે હોય એ ઘરમાં લોકો બીમાર પણ વધારે પડતા હોય.

તમે જ્યારે બીમાર પડો ત્યારે ભાવ પૂછવાવાળું કોઈ ન હોય તો સાંજે સાજા થઈ જશો, પરંતુ જો કોઈ પૂછવાવાળા હશે તો બે-ચાર દિવસ પડ્યા રહેશો. આ માનવીની psychology છે. દરેક માનવી લાગણીનો ભૂખ્યો હોય છે. દરેક માનવી ઇચ્છે છે કે મને કોઈ લાગણી બતાવે, મારી કોઈ care કરે, મારું કોઈ ધ્યાન રાખે, મારી કોઈ નોંધ લે.

બસ, આ psychologyના કારણે જ લોકો જાતે પોતાના દુઃખને double કરતા હોય છે. જે આ પ્રમાણે દુઃખને double કરતા હોય છે તે દુનિયાના કોઈ પણ ખૂણામાં જાય, ગમે એવા સુખની વચ્ચે પણ દુઃખી જ રહે છે અને જે દુઃખને અવગણે છે તે ગમે એવા દુઃખની વચ્ચે પણ સુખી હોય છે.

દરેક દુઃખની bottle પર expiry date લખેલી જ હોય છે.

જો આ વાક્યને તમારો જીવનમંત્ર બનાવી લેશો તો ક્યારેય નાની-નાની વાતમાં, નાના-નાના રોગમાં, નાની-નાની તકલીફોમાં doctor પાસે જવાનો વિચાર માત્ર નહીં આવે.

સમજવા જેવું છે કે આવેલું દરેક દુઃખ તમારાં સ્વયંનાં કર્મોનું ફળ છે, કર્મોનો ઉદય છે. આવેલાં એ કર્મોના ઉદયમાં તમે strong રહેશો, strong થશો તો એ કર્મો પણ તમને ક્યારેય અસર નહીં કરે અને ક્યારે ખપી જશે એની ખબર પણ નહીં પડે, પણ જો તમે એને પંપાળશો, તેને આવકારશો, તેની આગતા-સ્વાગતા કરશો તો એ પણ જવાનું નામ નહીં લે.

કોઈ પણ દુઃખને, કોઈ પણ વેદનાને તન સુધી આવવા દેવી, પણ ક્યારેય મન સુધી ન લઈ જવી. **જે દુઃખ મન સુધી પહોંચી જાય એ દુઃખને દૂર થતાં બહુ વાર લાગે છે.**

ભગવાન મહાવીર સામે દૃષ્ટિ કરો. તેમણે શું કર્યું? તન પર દુઃખ હજાર આવ્યાં, પણ એ દુઃખને મન સુધી ન પહોંચવાં દીધાં. કાનમાં ખીલા ઠોકાયા, સંગમદેવે અસહ્ય ઉપસર્ગો આપ્યા, પણ ક્યારેય ભગવાનની આંખમાં આંસુ આવ્યાં? ભગવાનને રડવું આવ્યું? ના. અને આપણને જરાક દુઃખ આવે ત્યાં આંખમાંથી દડદડ આંસુ વહેવા લાગે.

એક જ રાતમાં સંગમ વીસ-વીસ ઉપસર્ગો આપે છે ત્યારે ભગવાનની આંખમાં આંસુ નથી આવતાં, પણ સંગમ જ્યારે ભગવાન પાસેથી જાય છે ત્યારે ભગવાનની આંખમાં બે આંસુ આવી જાય છે. એ આંસુ દુઃખનાં નહીં, પણ કરુણાનાં આંસુ હતાં કે આ સંગમનું હવે શું થશે? તેણે આટલાં કર્મો બાંધ્યાં એ ભોગવતી વખતે તેને કેવી વેદના થશે?

યાદ રાખજો, પોતાના દુઃખને જોઈને રડે તે કાયર પુરુષ કહેવાય. બીજાના દુઃખને જોઈને જે રડે તે જ મહાપુરુષ કહેવાય.

માટે સંકલ્પ કરજો કે મારે દરેક પરિસ્થિતિમાં, દરેક દુઃખ વખતે શાંત અને સમભાવમાં રહેવું છે, strong અને positive રહેવું છે. મારી આ પરિસ્થિતિ, મારાં આ દુઃખ કાયમ નથી રહેવાનાં.

દરેક દુઃખ expiry date લઈને જ આવ્યું છે અને જવા માટે જ આવ્યું છે એવો વિશ્વાસ તમને ક્યારેય દુઃખી નહીં થવા દે.

“

આ દુનિયાનું એક પણ
દુઃખ એવું નહીં હોય
જેની દવા આપણા
મન પાસે ન હોય.

દરેક દુઃખની bottle
પર expiry date
લખેલી જ હોય છે.

”

?

જીવનમાં higher educationના supportથી સમજ અને આવડત તો આવી ગઈ છે, પણ ઘણીવાર experience ન હોવાના કારણે સફળતા હાથમાંથી ચાલી જાય છે ત્યારે શું કરવું જોઈએ?

02

એકવાર બે વ્યક્તિ movie જોઈ રહી હતી. એ movieમાં દરેક scene પછી એક વ્યક્તિ બીજાને કહે, ‘‘હવે જોજે આ movieમાં આમ થશે.’’ અને બરાબર જેવું તે કહે એવું જ થતું. સામેવાળી વ્યક્તિ આશ્ચર્ય પામે છે, આ વ્યક્તિને movieમાં આગળ શું થવાનું છે એ કેવી રીતે ખબર પડતી હશે? આવું જ્યારે એક-બે વાર નહીં, પણ અનેકવાર થાય છે ત્યારે છેલ્લે તે વ્યક્તિ બહુ જિજ્ઞાસા સાથે પૂછી લે છે, ‘‘તમને કઈ રીતે ખબર પડે છે કે movieમાં આગળ શું બનવાનું છે?’’

તે વ્યક્તિએ જવાબ આપ્યો, ‘‘મેં આ movie પહેલાં જોયેલી છે માટે હું કહી શકું છું કે આગળ શું થવાનું છે.’’

તે વ્યક્તિનો પહેલાંનો અનુભવ આજે તેને સાચું અનુમાન કરવામાં સહાયક બની રહ્યો હતો. એવી જ રીતે આ જીવનનો અનુભવ જેમણે કરી લીધો હોય જો તેમને આપણે સાથે રાખીએ તો તેમના અનુભવનું અમૃત આપણને સહજતાથી સફળતા અપાવી શકે.’’

જેમ schoolમાં જે શિક્ષણ આપે તેને શિક્ષક કહેવાય એમ જે જીવનની શાળામાં અનુભવનું શિક્ષણ આપે તેને ‘વડીલ’ કહેવાય. વડીલો આપણી જીવનશાળાના શ્રેષ્ઠ શિક્ષક હોય છે.

જેમને સમયને ઓળખતાં આવડે તે વડીલ હોય છે, કેમ કે તેમણે સમય પસાર થતાં શીખેલું હોય છે.

વડીલો પોતાના અનુભવનું અમૃતપાન કરાવી નાનાઓને શ્રેષ્ઠ બનાવવાનો પુરુષાર્થ કરે છે, પોતાનાથી થયેલી ભૂલો નાનાઓ repeat ન કરે એ માટે તેમને સમજપૂર્વક સાવધાન કરે છે.

તમારા જીવનમાં આવેલા કોઈ પણ problemનું solution વડીલો પાસે હંમેશાં હોય, કારણ કે તેઓ પણ ભૂતકાળમાં ક્યાંક ને ક્યાંક એવા પ્રકારના problemsમાંથી પસાર થયા હોય છે. વડીલો હંમેશાં તેમના અનુભવના અમૃતનું મંથન કરતા હોય અને માટે તેઓ જે કહેતા હોય એમાં કંઈક સંકેત જરૂર હોય.

પણ આજના યુગમાં વ્યક્તિ ચાહે નાની હોય કે મોટી, તેને સાથે બધા ગમે છે પણ માથે કોઈ ગમતું નથી.

યાદ રાખજો, **જે વ્યક્તિ વડીલોને માથે રાખે છે, તેમની આજ્ઞા અને આમન્યાનું પાલન કરે છે તે દરેક ક્ષેત્રમાં સફળ થાય છે.** જ્યારે તેમનાથી કંઈક ભૂલ થતી હોય, તેમની સાથે ખોટું થવાનું હોય ત્યારે તરત જ વડીલોની સલાહ અને સૂચના તેમને યાદ આવી જાય છે, વડીલોએ કહેલી અનુભવની વાત યાદ આવી જાય છે અને ભૂલ કરતાં અટકી જાય છે, ભટકતા અટકી જાય છે.

માટે જ, વડીલો જીવનશાળાના શિક્ષક કહેવાય છે.

તેમનો જ્યારે આદર કરવામાં આવે છે, તેમના ઉપકારનો અનુભવ કરવામાં આવે છે ત્યારે તેઓ આપણા જીવનઘડતરના ગુરુ બની જાય છે, આદર્શ બની જાય છે.

ઘણાને વડીલોનો ડર લાગતો હોય છે, ત્યારે સમજવા જેવું છે કે ડર વડીલોનો નહીં, પોતાની અયોગ્યતાનો હોવો જોઈએ. **મારી અયોગ્યતા મારા જ માટે અયોગ્ય છે એવું જે માને છે તે જ પોતાને સુધારી શકે છે અને જે સુધરી જાય છે તે જ સફળ થાય છે.**

સ્વયંને યોગ્ય માનનારી વ્યક્તિ ક્યારેક પુણ્યના બળે સફળ થઈ જાય છે, પણ પોતાના જીવનથી ક્યારેય સફળ ન થઈ શકે. જીવનથી સફળ થવું એ સફળતા છે, પુણ્યના યોગે સફળ થવું એ સફળતા ન કહેવાય, કેમ કે જેવાં પુણ્ય પૂરાં થાય એટલે વ્યક્તિ નિષ્ફળ થઈ જાય.

નિષ્ફળતાનું કારણ એ છે કે આજકાલ વડીલોનું સાંભળવું કોઈને ગમતું નથી અને વડીલો બોલ્યા વિના રહી શકતા નથી, માટે ઘર-ઘરમાં સંઘર્ષ અને સમસ્યાઓનો પાર નથી. એનું કારણ એ જ છે કે હોઠ વધારે વપરાય છે અને કાન ઓછા. આવા સંઘર્ષોના કારણે વ્યક્તિ વડીલોની છત્રછાયાથી દૂર થઈ જવાનો નિર્ણય લઈ લે છે.

જે વડીલોની છત્રછાયા નીચે નથી હોતા તેવા અનેક લોકો અવિનયી થઈ જતા હોય છે અને તેમનો અવિનય જ તેમની વિપત્તિનું કારણ બને છે.

વડીલો માત્ર ભણાવતા જ નથી, ગણાવે પણ છે. તેઓ ભણતરની સાથે ગણતર આપીને ચારિત્રનું ચણતર પણ કરે છે.

વડીલો જીવનશાળાના શિક્ષક ત્યારે જ બની શકશે જ્યારે તેઓ સંતાનોની સાથે રહીને તેમને પંપાળે નહીં. જે વડીલ સંતાનોને પંપાળે તે સંતાનોને બગાડે છે. **વડીલ તેને જ કહેવાય જે જ્યારે નાના બોલતા હોય ત્યારે મૌન રહે અને યોગ્ય સમય આવે ત્યારે એ જ વાતને પ્રેમથી સમજાવી દે.**

જે વડીલ સમયે મૌન રહીને સમય જાય પછી સમજાવે છે, સામેવાળાને એની સલાહ સહજભાવે સ્વીકાર્ય થાય છે એવાં વડીલો જ સ્વયંના સંતાનને સુધારી શકે છે.

વડીલો જ્યારે રોકતા હોય, કંઈ કહેતા હોય ત્યારે smile આપી તેમનો ઉપકાર માનીએ તો ક્યારેય અનાથાશ્રમમાં જવાનો chance ન આવે અને એ સમયે જો ચહેરાનું smile જતું રહે તો સમજી લેવાનું કે અનાથાશ્રમનું booking થઈ ગયું.

Pastના ભવમાં જ્યારે માતા-પિતા મળ્યાં હોય ત્યારે તેમનો વિનય ન કર્યો હોય, તેમનું સન્માન ન કર્યું હોય, તેમની સાથે દુર્વ્યવહાર કર્યો હોય, સામા જવાબ આપ્યા હોય અને સંભાળ ન રાખી હોય તેમને આ ભવે જન્મતાંની સાથે જ અનાથાશ્રમમાં જવું પડે છે. તેને ભલે માનવભવ મળ્યો, સારું કુળ મળ્યું, પાંચે

ઇન્દ્રિયો મળી, શરીર સ્વસ્થ મળ્યું, બધું જ મળ્યું છતાં માતા-પિતાનો પ્રેમ, તેમની છત્રછાયા ન મળી અને અનાથાશ્રમમાં જ મોટા થવું પડ્યું.

ઘણીવાર એવું બને છે કે વ્યક્તિની ઉપસ્થિતિ હોય, વ્યક્તિ હાજર હોય ત્યારે તેની કદર ન થાય, તેનું મૂલ્ય ન સમજાય, પણ જ્યારે એ ન હોય ત્યારે તેના ગુણો યાદ આવે.

વ્યક્તિ હોય ત્યારે તેને સમજીએ નહીં અને ન હોય ત્યારે તેના ગુણોને યાદ કરીએ તેને પોતાનો અવગુણ કહેવાય.

જેને માથે વડીલ ગમતા નથી તેના માથે વડીલ રહેતા નથી. માથે વડીલ ન રહે એવી સ્થિતિને અનાથાશ્રમ કહેવાય છે. જે ઘરમાં માતા-પિતાનું સાંભળતા નથી તેને ભવિષ્યમાં અનાથાશ્રમમાં અનેક વ્યક્તિઓનું સાંભળવું પડે છે.

જેના કોઈ માલિક ન હોય તેના બધા માલિક થાય છે.

જે ગાય ખીલે બંધાયેલી હોય એને તેનો માલિક, ભરવાડ કદાચ ક્યારેક એકાદ સોટી મારતો હોય, પણ સાથે એટલો જ પ્રેમ પણ કરતો હોય અને પ્રેમથી રાખતો પણ હોય. જ્યારે માલિક વિનાની ગાય રસ્તે રખડતી હોય અને રસ્તે જતા-આવતા અનેક લોકોનો માર ખાતી હોય છે, કોણ એને પ્રેમ આપે? કોણ એની સંભાળ રાખે?

વડીલોને જે પોતાની જીવનશાળાના શિક્ષક માને છે, તેમનું સન્માન કરે છે, તેમની સંભાળ રાખે છે અને તેમના ઉપકારનો ઉપકાર માનીને સ્વીકાર કરે છે તેમને 'કૃતજ્ઞ' કહેવાય છે.

કૃતજ્ઞને વડીલોની પ્રેમાળ અને હૂંફભરી છત્રછાયા મળે છે.

જે વડીલોના અનુભવથી સુધરેલી વ્યક્તિ હોય તેના પાપનો ઉદય હોય કે પુણ્યનો ઉદય, તે સફળ થયા વિના રહે જ નહીં. વડીલોની અનુભવશાળામાં ભણેલા વિદ્યાર્થીનાં વાક્યો અને વચનો બન્ને અલગ હોય છે. તેમનો વિનય અને વ્યવહાર અલગ હોય છે.

વડીલોની જીવનશાળામાં સુધરેલી વ્યક્તિનું જીવન અને જીવનશૈલી જ અલગ હોય. હજારોની ભીડ વચ્ચે પણ તેના ચહેરાની ઓળખ અને વિનય કહી જ દે કે આના જીવન પર કોઈ વડીલ તરીકેના શિક્ષક રહ્યા છે.

જીવનમાં ડગલે ને પગલે સફળ થવાવાળી વ્યક્તિ વડીલોના અનુભવો પર વિશ્વાસ રાખનારી હોય છે. તમે પણ અવશ્ય સફળતાની ઊંચાઈને પામશો જો વડીલો પર વિશ્વાસ રાખશો.

“

જે વડીલોના અનુભવથી
સુધરેલી વ્યક્તિ હોય
તેના પાપનો ઉદય
હોય કે પુણ્યનો ઉદય,
એ સફળ થયા વિના
રહે જ નહીં.

વડીલોની
જીવનશાળામાં સુધરેલી
વ્યક્તિનું જીવન
અને જીવનશૈલી જ
અલગ હોય.

”

?

45-50 વર્ષથી રોજ સવારે ઊઠીએ, ક્યારેક સફળતા મળે તો વધાવી લઈએ અને નિષ્ફળતા મળે તો પ્રતિકાર કરીએ છીએ, પણ જિવાતી આ routine lifeમાં કંઈક ખૂટતું હોય એવું લાગે છે. પ્રશ્ન એ છે કે જીવનની સાચી દિશા શું હોવી જોઈએ?

03

દરેકની life અલગ-અલગ રાહ પર હોય, અલગ-અલગ સમય પર, અલગ-અલગ મોડ પર હોય. ક્યારેક એમ લાગે કે હું એકદમ સફળ વ્યક્તિ છું તો ક્યારેક એમ લાગે કે મારા જેવું નિષ્ફળ કોઈ નહીં હોય. ક્યારેક એમ લાગે કે વાહ! આવું તો વિચાર્યું પણ નહોતું અને મળી ગયું તો ક્યારેક એમ લાગે કે ધાર્યું કંઈ જ થતું નથી.

ક્યારેક એમ લાગે કે વગર મહેનતે કેટલું બધું મળી ગયું અને ક્યારેક એમ feel થાય કે મહેનત કરી-કરીને થાક્યા પણ કંઈ મળ્યું નહીં. ક્યારેક સહજતાથી જ બધી ઇચ્છાઓ પૂરી થઈ જાય અને ક્યારેક પરિશ્રમ કરવા છતાં એક પણ ઇચ્છા પૂરી ન થાય. આ બધું બનવાનું એકમાત્ર કારણ એ છે કે તમારા જીવનની દિશા નક્કી નથી.

રોજની routine lifeથી વિશેષ કોઈ ધ્યેય નથી, કોઈ લક્ષ્ય નથી.

મોટા ભાગના લોકોનાં ત્રીસ, ચાલીસ કે પચાસ વર્ષ પસાર થઈ ગયાં હોય પછી પણ તેમને કંઈ સૂઝતું ન હોય કે મારે શું કરવું જોઈએ, ન તેમને કંઈ દેખાતું હોય કે મારા માટે કયો રસ્તો right છે, કઈ દિશા યોગ્ય છે.

જો દિશા સાચી હોય તો જીવનની દશા સારી થઈ જતી હોય છે. એના માટે તમે કઈ દિશામાં છો એ જાણવું આવશ્યક છે.

જીવનની ત્રણ દિશા હોઈ શકે,

1) **સુખની દિશા**

2) **શાંતિની દિશા**

3) **સ્વની દિશા**

આ જગતના મોટા ભાગના લોકો દરેક પરિસ્થિતિ અને દરેક વ્યક્તિમાંથી સુખને શોધતા હોય છે. કોઈ પણ કાર્ય કરવા પાછળનો તેમનો હેતુ માત્ર ને માત્ર સુખનો હોય છે.

મનુષ્ય હોય કે તિર્યંચ, દરેક દોડી રહ્યા છે સુખની દિશામાં, પણ **સુખી થવાની દિશામાં તમે જેટલા આગળ વધો છો એટલા જ તમે વધારે દુઃખી થાવ છો.** કદાચ આજે દુઃખી નહીં થાવ તો ક્યારેક તો થશો જ એ નક્કી છે.

સુખ મેળવવાનો પ્રયત્ન એ આપણી અનંત... અનંતકાળની ભૂલ છે. આ સંસારમાંથી મળતું દરેક સુખ આપણને ત્યાં સુધી જ મળે છે જ્યાં સુધી પુણ્યનો ઉદય હોય એટલે કે luck જોરદાર હોય.

જે શરીરથી સંસારનાં ઘણાંબધાં સુખ મેળવ્યાં હોય, જે શરીર સુખનું સાધન લાગતું હોય એ જ શરીરમાં જ્યારે cancer થઈ જાય, chemotherapy લેવી પડે, એની અસરના કારણે શરીર નિસ્તેજ થઈ જાય ત્યારે એ જ શરીર કેવું લાગે?

આજ સુધી જે શરીર સુખનું કારણ હતું એ જ શરીર હવે દુઃખનું કારણ બની જાય.

મોટા ભાગના લોકોની માનસિકતા હોય છે કે જે સુખ બીજા પાસે છે એ મારી પાસે પણ હોવું જોઈએ અથવા મારી પાસે એવું કંઈક હોવું જોઈએ જે બીજા કોઈ પાસે ન હોય.

કદાચ તે વ્યક્તિને ધારેલું બધું જ સુખ મળી પણ જાય, પણ એ મળ્યા પછી પણ એ સુખી હોય કે દુઃખી? એ વિચાર કરવા જેવો છે.

જેઓ માત્ર temporary સુખનો જ વિચાર કરતા હોય છે; આજનું, અત્યારનું અને આ ભવનું જ વિચારતા હોય છે તેવી વ્યક્તિના હાથમાં જ્યારે મહિનાની પહેલી તારીખે પગાર આવે ત્યારે પહેલા દસ દિવસ ખૂબ જ જલસા કરીને સુખી થાય અને પછીના વીસ દિવસ ખેંચી-તાણીને પસાર કરવા પડે એટલે બધી જાતના problem આવે, કેટલાંય દુઃખ આવે અને સુખની દિશા દુઃખની બની જતી હોય છે.

માટે જ કેટલાક સુખની દિશા ગૌણ કરીને શાંતિની દિશા પકડે છે, એટલે કે ધર્મ-આરાધના કરે છે.

જે શાંતિની દિશામાં છે, ધર્મ-આરાધના કરી રહ્યા છે જો એમાં પણ તેમનો ક્રોધ અને અહંકાર, ઇચ્છાઓ અને અપેક્ષાઓ શાંત ન થાય તો શું શાંતિ મળે?

સુખ અને શાંતિની દિશાથી પણ શ્રેષ્ઠ છે સ્વની દિશા.

સ્વની દિશા એટલે સ્વયંને મળવાની દિશા, જેમાં તમે સ્વયંને ઓળખો, સ્વયંને સાંભળો અને સ્વયં પાસેથી સમાધાન મેળવો.

મોટા ભાગના લોકોની lifeમાં જ્યારે કોઈ ઘટના બને, પ્રસંગ બને ત્યારે તેઓ સૌથી પહેલા કેવો વિચાર કરે?

Positive કે negative?

લગભગ પહેલો વિચાર negative જ કરે.

Lifeની કોઈ પણ ક્ષણે, કોઈ પણ પરિસ્થિતિમાં જો પહેલો વિચાર positive કરો તો એ પછીની દરેક સ્થિતિ, દરેક સંજોગો automatic positive થવા લાગે છે.

જ્યાં સુધી તમે તમને નહીં મળો ત્યાં સુધી તમારી lifeમાં negative અને positive વિચાર બન્ને હશે અને જે દિવસે તમે તમને મળવાની શરૂઆત કરશો એ દિવસે તમને તમારો inner voice સંભળાશે. એ inner voice જે દિશામાં લઈ જશે એ દિશા positive હશે, right હશે. એ જ હશે તમારી સ્વની દિશા.

પણ આપણી ખોટ એ છે કે આપણે બહારના અવાજથી એટલા બધા ટેવાઈ ગયા છીએ કે inner voice સાંભળવાનું જ ભૂલી ગયા છીએ.

ભવિષ્યની કલ્પનામાં, આમ થશે તો? આવું થશે તો? આવા વિચારોમાં વાસ્તવિકતાને અને વર્તમાનને બગાડી રહ્યા છીએ.

જે વ્યક્તિ પોતાને મળવાની દિશામાં આગળ વધે છે, જે પોતાને મળે છે તે પોતાના inner voiceને સાંભળે છે. જે inner voice સાંભળતા હોય ત્યારે તેને જે સંભળાય, જે સમજાય, જે એના visionમાં આવે એ positive દિશા તરફ લઈ જનારું હોય છે.

જે વ્યક્તિ positive હોય, જે વ્યક્તિ પાસે right vision હોય તેને દરેક પરિસ્થિતિ, દરેક સંજોગો, દરેક પ્રસંગોમાંથી સુખ મળે કે દુઃખ મળે?

જે positive હોય, જેની પાસે right vision હોય તે હંમેશાં સુખી હોય અને તેનું એ જ સુખ તેની શાંતિનું કારણ બને.

ભગવાન મહાવીરે શું કર્યું હતું?

ભગવાન રાજવૈભવના સુખને છોડીને સ્વની દિશામાં ગયા હતા. ભગવાને સ્વને મળવા માટે રાજમહેલ છોડ્યો હતો અને જ્યારે તેઓ સ્વને મળ્યા ત્યારે તેમને શાંતિ મળી કે સમસ્યા? સુખ મળ્યું કે દુઃખ?

ભગવાન મહાવીરને પરમ શાંતિ અને પરમ સુખ મળ્યાં.

તો પછી સુખ અને શાંતિ માટેની સાચી દિશા કઈ?

સ્વની દિશા.

સ્વની દિશા જ તમને સુખ અને શાંતિ સહજતાથી દેનારી બને છે અને માટે,

વિશ્વાસ રાખો સ્વની દિશા જ તમારા જીવનમાં ખૂટતા તત્ત્વને પૂર્ણ કરીને તમને ધ્યેય આપશે.

“

સુખી થવાની દિશામાં
તમે જેટલા આગળ
વધો છો એટલા
જ તમે વધારે
દુઃખી થાવ છો.

જે વ્યક્તિને
સાચી દિશા મળે
તેના જીવનની
દશા બદલાઈ જાય.

?

જીવનમાં કોઈ રોકટોક ન હોવા છતાં ક્યારેક એક બંધનનો અનુભવ થાય છે. પૂર્ણપણે સ્વતંત્રતા હોવા છતાં પણ કેમ મનની સ્વતંત્રતા અનુભવાતી નથી?

04

હરએક વ્યક્તિની ઝંખના હોય છે સ્વતંત્રતા.

સ્વતંત્રતા એટલે શું?

સ્વતંત્રતા એટલે પોતાનો પોતાના પર control, પોતાનો પોતાના પર અધિકાર.

પણ બને છે એવું કે મોટા ભાગની વ્યક્તિનો સુખ કે દુઃખનો આધાર બીજા પર જ હોય છે. જો સામેવાળા ખુશ રાખે તો તમે ખુશ અને સામેવાળા નારાજ તો તમે પણ નારાજ.

મોટા ભાગના લોકોનાં કાર્યો પણ પોતાના decision પ્રમાણે નહીં, પણ બીજાના suggestion પ્રમાણે થતાં હોય છે અને માટે જ બધા બીજાના આધારે બંધાયેલા છે.

ભાગ્યે જ કોઈ હશે જે સ્વતંત્ર હશે, એની વિચારધારા સ્વતંત્ર હશે અને તેઓ પોતાના મનની ઇચ્છા પ્રમાણે જીવતા હશે.

Lifeમાં એક policy હોવી જોઈએ,

Suggestion सब का, decision खुद का ।

સાંભળવું બધાનું, કરવું મનનું, કેમ કે જો બીજાના suggestion પ્રમાણે જીવશો તો તમારી સફળતાનું શ્રેય પણ બીજાને જ જશે અને કોઈના negative suggestion તમને પણ negative અને નિષ્ફળ બનાવશે.

સ્વતંત્ર તમે ત્યારે જ બની શકો જ્યારે તમે બીજાના suggestion પર નહીં, પણ સ્વયંના decision પર જીવો.

સમજવા જેવું છે કે તમારા ચહેરા પરની ખુશી અને તમારા ચહેરા પરના દુઃખનો control કોના પર છે?

એ control હોય છે તમારી memories પર.

એકવાર તમારી memoryમાં fit થઈ ગયું કે આ વ્યક્તિ ખરાબ છે, પછી તે વ્યક્તિ ગમે એટલી સુધરી જાય અને ગમે એટલાં સારાં કામ કરે તો પણ તમને તેની સારપ ન દેખાય, કેમ કે memoryમાં તેની ખરાબ છાપ પડી ગઈ છે.

એટલે તમારાં સુખ અને દુઃખ જેટલાં તમારી આસપાસની વ્યક્તિઓ, તેમનાં સૂચનો અને તેમના અભિપ્રાયો, suggestion સાથે જોડાયેલાં છે એટલાં જ તમારી memories સાથે પણ જોડાયેલાં છે.

સ્વતંત્રતાની અનુભૂતિ કરવી હોય તો સૌપ્રથમ અંદર પડેલી ભૂતકાળની બધી memoriesથી સ્વતંત્ર થવાની જરૂર છે. જ્યાં સુધી એ memories છે ત્યાં સુધી એ વારંવાર તમને pinch કરશે કે આ વ્યક્તિ સાચી છે, આ ખરાબ છે, આ શાક ભાવતું નથી, આ મીઠાઈ સારી છે.

Classમાં એક examનું result સારું ન આવે એટલે એક negative ભાવ fix થઈ જાય કે મારું result તો આવું જ આવે, હું lifeમાં સારા marks score જ નહીં કરી શકું. આ છે memoriesનું બંધન.

Memoriesનું બંધન એટલે પૂર્વગ્રહો, મારી સાથે હંમેશાં આવું જ થાય એ ભાવ. **જે memoriesના આ બંધનથી મુક્ત થાય એ જ સાચી સ્વતંત્રતાનો આનંદ માણી શકે.**

જે આ memoriesની જેલમાંથી બહાર નીકળે તે જ મુક્ત ગગનનો આસ્વાદ અનુભવી શકે. તમે જ્યાં સુધી memoriesની જેલમાં છો ત્યાં સુધી તમે જ તમને negative suggestion આપતા રહો છો, જે તમને upset કરતાં રહે છે.

વાસ્તવિકતા એ છે કે આ જગત આખું પરિવર્તનશીલ છે. સમય અને સંજોગો પ્રમાણે બધું જ બદલાતું હોય છે. ગઈકાલે જ્યાં ઝૂંપડપટ્ટી હોય ત્યાં આજે આલીશાન મકાન પણ બંધાઈ જાય છે.

જો મકાનની દીવાલ બદલાઈ શકે તો વ્યક્તિનું મન અને વ્યવહાર પણ બદલાઈ શકે.

પણ બને એવું કે પરીક્ષાની તારીખ જાહેર થાય એટલે મોટા ભાગના વિદ્યાર્થીઓનાં મનમાં વિચાર આવે કે આ વખતે મારું result કેવું આવશે?

મને કેટલા marks આવશે?

હું pass તો થઈ જઈશને?

તમે પોતે જ તમારી જાતને negativityની જેલમાં નાખો છો. બીજાનાં suggestions કરતાં પણ પોતાની memoriesનાં

suggestion કોઈ પણ decision લેવામાં રહસ્યપૂર્ણ role ભજવતાં હોય છે.

બની શકે કે 5th standardમાં તમારા marks ઓછા આવ્યા હોય, 6thમાં બીમારી કારણરૂપ બની હોય અને 7thમાં બીજો problem આવ્યો હોય એટલે પરિણામ નબળું આવ્યું હોય. એનો અર્થ એ નથી કે 8thમાં પણ ખરાબ જ result આવશે. સારું પણ આવી શકે છે, પણ memoriesમાં fit થઈ ગયું છે કે 5thમાં સારા ન આવ્યા, 6thનું result પણ ખરાબ આવ્યું, 7thમાં પણ ધાર્યા હતા એટલા ન આવ્યા તો 8thમાં ક્યાંથી આવશે? જ્યારે Memories negative હોય ત્યારે વિચારો પણ negative જ આવે.

હવે સંકલ્પ કરવાનો છે,

મારે આ negativityની જેલમાંથી મુક્ત થવું છે, ત્યારે જ તમે positive બનીને સ્વતંત્રતાનો અનુભવ કરી શકશો.

મોટા ભાગે વ્યક્તિ ભૂતકાળની memoriesના આધારે જીવે છે અથવા ભવિષ્યની કલ્પનામાં જીવે છે. જે વર્તમાનમાં જીવે છે તે જ સુખી જીવન જીવે છે.

ન ભૂતકાળને યાદ કરવાનો,

ન ભવિષ્યની કલ્પના,

વર્તમાનના આનંદને અનુભવવાનો.

ભૂતકાળની memoriesના આધારે જીવવું એટલે memoriesની જેલના કેદી બનીને જીવવું. તમે જેલમાં કેદ છો કે મુક્ત? જેલમાં ન હોવા છતાં પણ તમે Memoriesરૂપી જેલમાં જ કેદ છો.

Memories જ મોટા ભાગે મનને disturb કરે છે અને મન disturb થાય એટલે life પણ disturb થાય.

જે ભૂતકાળની memoriesમાં જીવતા હોય તેમની aura પણ grey હોય. તેમનાં vibrations પણ negative હોય, પણ જે positive હોય તેમની aura અને તેમનાં vibrations પણ positive હોય.

માનો કે તમે શાંતિથી, ભાવથી સત્સંગ કરતા હો એ જ સમયે કોઈ એવી વ્યક્તિ ત્યાં આવે જેની સાથે તમારે કોઈ અણબનાવ હોય કે કોઈ problem હોય.

હવે તે વ્યક્તિ સાથે તમારી memories connect થઈ ગઈ અને તમારું ધ્યાન સત્સંગમાંથી તે વ્યક્તિ તરફ ગયું. તમારા મનમાં વિચાર પણ આવી ગયો કે અરે, આ અત્યારે અહીં? અહીં કેમ? એટલે જે શાંતિથી તમે સત્સંગ સાંભળતા હતા એ તો disturb થઈ ગયું અને તમારું મન પણ અશાંત થઈ ગયું.

હવે માનો કે તમે તમારી memoriesમાંથી તે વ્યક્તિને delete કરી નાખી હોત તો? તો તેના આવવા પર તમે જરા પણ disturb ન થાત.

ભગવાન મહાવીરે સાડાબાર વર્ષની સાધનામાં શું કર્યું હતું? ભગવાન મહાવીરે ધ્યાનસાધનામાં આંખની સાથે કાન પણ બંધ કરી દીધા હતા. તેમને ખબર હતી કે જ્યાં સુધી આંખ અને કાન ખુલ્લાં હશે ત્યાં સુધી નવી-નવી memories આવ્યા જ કરશે. એટલે પહેલા નવી memoriesને આવતી બંધ કરી અને પછી જૂની memoriesને delete કરતા ગયા.

પહેલા આંખ અને કાન બંધ કરીને નવા incomingથી disconnect થઈ ગયા અને પછી જૂની memories delete કરીને સ્વથી connect થઈ ગયા.

જેમ-જેમ ભૂતકાળ ભૂંસાતો જશે તેમ-તેમ આત્મા શુદ્ધ થતો જશે.

જેની પાસે કોઈ સ્મૃતિ ન હોય, જે વર્તમાનમાં જીવતું હોય તેના ચહેરાની પ્રસન્નતા પણ કંઈક અલગ જ હોય.

Memoriesને કારણે તમારી વર્તમાન life disturb ન થાય એ માટે memoryની જેલમાંથી મુક્ત થવાનો પુરુષાર્થ કરો.

તમારી સ્વતંત્રતા તમારી પોતાની જ છે અને પોતાની જ હોવી જોઈએ. એના પર તમારા સિવાય કોઈનો control ન હોવો જોઈએ, કોઈનો અધિકાર ન હોવો જોઈએ. તમે કોઈને આધીન ન હોવા જોઈએ.

માત્ર તમારા વિચાર જ સ્વતંત્ર ન હોવા જોઈએ, તમારું આચરણ પણ સ્વતંત્ર હોવું જોઈએ, positive હોવું જોઈએ.

યાદ રાખો,

જેટલી bad memories save કરશો એટલા problem વધારે થશે, જેટલા problems વધારે તેટલા દુઃખી વધારે થશો.

ભગવાન મહાવીરની જેમ memories delete કરીને mirror જેવા બનવાનો પ્રયત્ન કરવાનો. Mirrorની સામેથી જશો એટલે mirror પાછો clean.

ધર્મ એટલે memoriesને delete કરવાની એક process છે.

એટલે જ ધર્મસાધનાને શુદ્ધીકરણની process કહી છે. શુદ્ધીકરણ થાય એટલે automatic આત્મા pure બની જાય. Memories સારી કે ખરાબ, શુભ કે અશુભ બધાને જ delete કરવાની, કેમ કે સારી memories પણ ખરાબ બની શકે છે.

એક વ્યક્તિએ એક સમયે તમને ખૂબ જ સાચવ્યા, તમારી સારામાં સારી સંભાળ રાખી, પણ બીજી વખતે સંજોગો અનુકૂળ ન હોવાને કારણે જો તે પહેલાં જેવી સંભાળ ન રાખી શકે તો તેના પ્રત્યેનો પહેલાંનો રાગ પછી દ્વેષ બની શકે છે.

માટે જ memoriesમાત્રને delete કરી નાખવાની.

બંધાયેલા છો તમે બીજાના suggestions અને સ્વયંની memoriesની જેલમાં.

વિશ્વાસ રાખો તમે જ તમને એ બંધનમાંથી બહાર કાઢીને અવશ્ય સ્વતંત્રતાનો અનુભવ કરી શકશો. આવું કરવાથી માત્ર show માટે નહીં, વાસ્તવિકતામાં સ્વતંત્રતા માણી શકશો.

“

જેની પાસે કોઈ
સ્મૃતિ ન હોય, જે
વર્તમાનમાં જીવતું હોય
તેના ચહેરાની
પ્રસન્નતા પણ
કંઈક અલગ જ હોય.

Negativityની
જેલમાંથી મુક્ત
થવાય, ત્યારે જ
positive બનીને
સ્વતંત્રતાનો
અનુભવ કરી શકશો.

”

?

માનવતાનાં સત્કાર્યો કરવાનું મન તો ઘણાને થતું હોય, પણ અંદર પ્રશ્નો હોય કે સંપત્તિનો સદુપયોગ ક્યાં અને કેવી રીતે કરીએ? સત્કાર્ય કરવાના ભાવ હોવા છતાં તે સેવાકાર્ય માટે સમય કેવી રીતે કાઢવો?

05

મનુષ્યભવની સાર્થકતા એટલે માનવતાના ગુણનું પ્રાગટ્ય. **એક માનવી ત્યારે જ 'માનવ' હોવાની અનુભૂતિ કરે છે, જ્યારે તેનામાં માનવતાનો ગુણ પ્રગટે છે.**

માનવતા એવું સત્કાર્ય છે જે કોઈ પણ વ્યક્તિ પછી એ નાની હોય કે મોટી હોય, ગરીબ હોય કે અમીર હોય બધા જ કરી શકે છે. કોઈ તનથી કરે, કોઈ ધનથી કરે, કોઈ સમયનો ભોગ આપે તો કોઈ પોતાની કલા દ્વારા પણ સેવા કરે.

માનવતા માટે ક્યાંય દૂર જવાની જરૂર નથી.

તમે જે fieldમાં છો, જે કાર્યક્ષેત્રમાં છો ત્યાંથી જ તમે માનવતાનાં કાર્યો કરી શકો છો.

તમને painting આવડે છે તો તમે પાંચ ગરીબ બાળકોને શીખડાવો. તેઓ શીખશે તો એમાંથી કમાઈને પગભર થશે, સ્વાવલંબી બનશે.

તમને સિલાઈ આવડે છે, paperwork આવડે છે, નાસ્તો બનાવતાં આવડે છે તો **જે આવડે છે એ અન્યને આપો.**

કલાનું દાન પણ સંપત્તિના દાનની જેમ અમૂલ્ય જ હોય છે.

અને રહી વાત સમયની, તો ભાવ હોય તો સમય મળ્યા વગર રહેતો નથી. જેમ તમને meeting માટે અને family

અને relatives માટે સમય મળી જાય છે એમ જો ધારો તો માનવતાના કાર્ય માટે પણ સમય મળી જ શકે છે.

હવે માનો કે તમે coaching classes, tuition classes ચલાવો છો તો તમે તમારા એ જ fieldમાં, તમારા એ જ સમયના scheduleમાં રહીને પણ માનવતાનાં કાર્યો કરી શકો છો.

આજે તમારી આસપાસ એવા ઘણાબધા students છે જેઓ brilliant છે, જેમનામાં કંઈક બનવાની મહત્ત્વાકાંક્ષા છે, પણ financial પરિસ્થિતિને કારણે કંઈ કરી શકતા નથી. તેમની પાસે ક્ષમતા ઘણીબધી છે, પણ support નથી. તેવા વિદ્યાર્થીઓ માટે તમે supporter બની શકો છો.

તમે તમારા દરેક batchમાં 100 studentsમાં 9% જરૂરિયાતમંદનો quota રાખી શકો છો, જેથી એ studentsને પણ inferiority complex feel ન થાય.

આનાથી શું થશે?

તમે તમારા જ સમયમાં માનવતાનું કાર્ય કરી શકશો. તમારો જે સમય ખમતીધર studentsને ભણાવવામાં જાય છે એ જ સમયમાં તમે જરૂરિયાતમંદ studentsને ભણાવીને માનવસેવાનું કાર્ય પણ કરી શકશો.

એવું નથી કે માનવસેવાનાં કાર્યો કરવા માટે, કોઈ પણ જાતની સેવા કરવા માટે અનાથાશ્રમ કે પાંજરાપોળમાં જ જવું પડે. તમે જ્યાં છો ત્યાંથી પણ એ કરી શકો છો.

અને જ્યારે તમે આવી કોઈ સત્કાર્યની યોજના બહાર પાડો છો, માનો કે આવી 9% studentsની સેવાનું કાર્ય કરો છો ત્યારે એ માત્ર તમારા સુધી જ સીમિત ન રાખો, એ માત્ર તમારા students સુધી જ ન રાખો, એને લાખો લોકો સુધી પહોંચાડો.

તમારો પુરુષાર્થ અન્યની પણ પ્રેરણા બનવો જોઈએ.

માનવતા ક્યારેય પોતાના સુધી ન હોવી જોઈએ, માનવતા ક્યારેય પોતાના માટે ન હોવી જાઈએ.

માનવતા એવી હોવી જોઈએ જેનાથી અનેકને પ્રેરણા મળે, અનેકને દૃષ્ટિ મળે.

ઘણાને એમ થાય કે સેવાનું સત્કાર્ય કરીને પ્રદર્શન થોડું કરાય? પણ કેટલીક સેવાનું પ્રદર્શન પ્રેરણા આપવા માટે પણ જરૂરી હોય છે.

જેમ કે, જેમ તમને આવી યોજના કરવાનો આજ સુધી વિચાર જ નહોતો આવ્યો એમ બીજા ઘણાને પણ ન આવ્યો હોય, પણ તમારી યોજનાથી દરેક વ્યક્તિ પોતાની ક્ષમતા અનુસાર કંઈક તો કરી શકશેને.

તમારી publicity પ્રદર્શન માટે ન હોવી જોઈએ, તમારી publicity પ્રેરણા માટે હોવી જોઈએ.

જેમાંથી બીજાને પ્રેરણા ન મળે અને માત્ર તમારું નામ જ વધતું હોય એવી publicity ક્યારેય ન કરાય.

તમારી માનવતા એ માત્ર માનવતા જ ન હોવી જોઈએ. તમારી માનવતા એક બીજ સમાન હોવી જોઈએ. એ માત્ર ફળરૂપ ન હોવી જોઈએ કે જે ફળ મળ્યું એ માત્ર તમે જ ખાઈ લીધું અને વાત પૂરી થઈ ગઈ.

માનવતાનું તો બીજ વાવવું જોઈએ. આજે બીજ વાવ્યું, અનેક ફળ આવશે અને એમાંથી બીજાં અનેક માનવતાનાં વૃક્ષ ઊગશે.

તમારી માનવતા લાખો લોકોનાં મગજમાં વવાઈ જવી જોઈએ અને લાખો લોકોને એનાં ફળ ખાવા મળવાં જોઈએ અને એ લાખોમાંથી બીજાં કરોડો બીજ વવાવાં જોઈએ.

માનવતાનું પ્રાગટ્ય ગમે ત્યારે, ગમે ત્યાં, ગમે તે વ્યક્તિ કરી શકે છે.

જ્યારે તમે કોઈ સત્કાર્ય કરો છો, સેવાના શુભ ભાવ ભાવો છો ત્યારે તમને ચારે દિશાથી સત્‌નો support અને સત્‌નો સથવારો મળી જ જાય છે. જરૂર હોય છે માત્ર એક શરૂઆતની, એક પહેલની અને એના માટે જરૂર હોય છે પ્રેરક તત્ત્વની.

એક નાનકડી શરૂઆત પણ જો નિઃસ્વાર્થભાવની હોય, પરમાર્થની ભાવના સાથે હોય, અહંકારરહિત હોય તો એ નાનકડી શરૂઆતને પણ વિકસતાં વાર નથી લાગતી.

સત્કાર્યમાં જ્યારે દિલના ભાવ ભળે છે ત્યારે સત્કાર્ય વટવૃક્ષની જેમ વિકાસ પામે છે.

તમારી ક્ષમતા ન હોય તો તમારા ભાવને બીજાને, ત્રીજાને કહો. કોઈ ને કોઈ supporter મળી જ જશે. તમારામાં હિંમત હોય તો શરૂ કરો તો પણ તમને સત્ તત્ત્વનો સથવારો મળી જ જશે.

તમે કોઈ પણ સત્કાર્ય શરૂ કરો ત્યારે કદાચ તમને એમ લાગે કે તમે એકલા છો, પણ યાદ રાખજો એ સમયે તમારી આસપાસમાં જેટલાં પણ સત્ તત્ત્વો હશે એ બધાં પણ તમારા સત્કાર્યમાં જોડાઈ જશે.

માત્ર પહેલ કોઈએ કરવાની હોય છે, શરૂઆત કોઈએ કરવાની હોય છે. પછી તો આસપાસના અને દૂરના લોકો પણ એમાં જોડાઈ જ જાય છે, કેમ કે માનવતાની મહેક પ્રસરાયા વિના રહેતી જ નથી.

સાચા હૃદયથી શરૂ કરેલું સત્કાર્ય ક્યારેય અટકતું નથી, અધૂરું રહેતું નથી. સત્કાર્યનો સદાય વિકાસ જ હોય છે.

સત્કાર્યની એક જ્યોત જ્યારે પ્રજ્વલિત થાય છે ત્યારે એમાં ઘી રેડવાવાળા તો મળી જ જાય છે.

તમે જે સત્કાર્ય કરો એનું અભિમાન કર્યા વિના બીજાને કહો. બીજાને પ્રેરણા મળશે અને એકની જ્યોતમાંથી અનેક જ્યોત પ્રજ્વલિત થઈ જશે.

તમને જે આવડે છે, તમારી જેમાં mastery છે એ બીજાને શીખડાવો. તમારા જેવા બીજા 10, 20, 100, કે 1000 તૈયાર કરો.

તમારી પાસે રહેલી ક્ષમતા અને શક્તિને બીજામાં પ્રગટાવવાનો પ્રયત્ન કરો.

આ પણ એક પ્રકારની માનવસેવા જ છે અને તમારા આ પુરુષાર્થથી તમારા જેવું કામ સો ગણું, હજાર ગણું, લાખ ગણું વધી જશે.

જો એક પિતા તેના પુત્રને તેના businessની art ન શીખવે તો?

તો વિકાસ ત્યાં જ અટકી જાય.

જો એક સંત બીજા અનેક સંતોને તૈયાર ન કરે તો?

જે મૂળ પોતાનામાંથી થડને તૈયાર કરતું નથી એ મૂળ ક્યારેય વૃક્ષ બનતું નથી. એ માત્ર કંદમૂળ બનીને જ રહી જાય છે.

જે મૂળ થડનું સર્જન કરે છે એ જ થડ આખા વૃક્ષનું સર્જન કરી દે છે, એ જ થડમાંથી શાખાઓ અને પ્રશાખાઓ થાય છે, એમાં જ ફળ આવે છે અને એ ફળના બીજમાંથી બીજાં અનેક વૃક્ષો તૈયાર થાય છે.

આવા વટવૃક્ષ જેવા સત્કાર્યની શરૂઆત કરવા માટે ક્યારેય ક્ષણનો પણ વિચાર ન કરાય.

સત્કાર્ય માટે મળતી એક પણ તક ક્યારેય ન ગુમાવાય.

આજનું સત્કાર્ય એ તો કાલની સદ્ગતિનો passport છે. એમાં વાપરેલાં સમય, શક્તિ, સંપત્તિ કે ક્ષમતા ક્યારેય નિષ્ફળ જતાં જ નથી.

એનાં ફળ પણ આ ભવમાં જ અનુભવાય છે અને માટે જ આજે સત્કાર્યમાં હજારો લોકો સ્વેચ્છાએ જોડાય છે.

સંપત્તિ, સમય, કળા જેવા કોઈપણ પ્રકારનું દાન જો તમે આપવા સક્ષમ ન હો તો માત્ર એક પ્રેમભર્યું સ્મિત આપો.

એ સ્મિત પણ સામેવાળી વ્યક્તિને પ્રસન્ન કરી દેશે જેને કહેવાય છે સ્મિતનું સત્કાર્ય.

ક્યારેય વિચાર્યું છે,

કોઈને એક સ્મિત, એક smile આપવી એ પણ માનવતાનું સત્કાર્ય બની શકે છે?

અને આવાં જ માનવતાનાં સત્કાર્યો તમારી અને અન્યની પ્રસન્નતાનું કારણ બનશે એવો વિશ્વાસ રાખજો.

“

એક માનવી
ત્યારે જ ‘માનવ’
હોવાની અનુભૂતિ
કરે છે, જ્યારે
તેનામાં માનવતાનો
ગુણ પ્રગટે છે.

સત્કાર્યમાં
જ્યારે દિલના ભાવ
ભળે છે ત્યારે
સત્કાર્ય વટવૃક્ષની
જેમ વિકાસ પામે છે.

”

?

કોઈની સહાયતા કરીને આ જીવનને સાર્થક કરવાના અત્યંત ભાવ હોય, પણ સંપત્તિથી જો સક્ષમતા ન હોય અને સમયની અનુકૂળતા ન હોય તો સત્કાર્ય કરવાનો શું અન્ય કોઈ માર્ગ હોય ખરો?

06

આ જગતમાં અન્યની સહાય કરવાના ભાવ ઘણાના હૃદયમાં હોય છે, પણ તેમની પાસે સહાય કરવારૂપ સાધન, અર્થાત્ સંપત્તિ નથી હોતી. Hospitalમાં બીમાર હોય તેમના માટે medical સહાય કરવાની ઇચ્છા અનેકને હોય છે, પણ પૈસાની સગવડ ન હોવાથી તેઓ સહાયરૂપ નથી બની શકતા.

સંપત્તિની સગવડ, સમયની અનુકૂળતા ન હોવા છતાં બીજાને સહાયરૂપ થવાના ભાવ છે તો વ્યક્તિ ત્રણ પ્રકારની સિદ્ધિને પ્રાપ્ત કરી અન્યને સહાયક બની શકે છે. માત્ર સંપત્તિથી જ સહાય કરી શકાય એવું નથી.

જો તમારી પાસે આ ત્રણ સિદ્ધિ હશે તો વગર સંપત્તિએ પણ તમે અનેક લોકોને સહાય કરી શકશો :

એક છે સત્યસિદ્ધિ,

બીજી મંત્રસિદ્ધિ અને

ત્રીજી છે કરુણાસિદ્ધિ.

જ્યારે કોઈ વ્યક્તિ કોઈ પણ પરિસ્થિતિમાં અસત્યનો પ્રયોગ ન કરે, સત્યને સ્વયંનો શ્વાસ બનાવે ત્યારે તે વ્યક્તિ સત્યસિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે.

સત્ય ત્યારે જ સિદ્ધ થાય જ્યારે અસત્યનો પ્રયોગ ન થાય. તે વ્યક્તિ ક્યારેય અસત્ય બોલે પણ નહીં અને અસત્ય કરે પણ નહીં. તે વ્યક્તિ માટે કોઈ પણ એમ ન કહી શકે કે આ ભાઈ ક્યારેય ખોટું બોલે છે.

હરએક વ્યક્તિના હૃદયમાં પાકો વિશ્વાસ હોય કે ગમે તે થાય, ગમે તે સંજોગો હોય, ગમે તે પરિસ્થિતિ હોય કે ગમે તેટલું નુકસાન થતું હોય પણ તે ભાઈ ક્યારેય અસત્ય તો બોલે જ નહીં.

જે અસત્યનો પ્રયોગ નથી કરતા તે જ સત્યને સિદ્ધ કરી શકે છે.

જ્યાં સત્યની વૃત્તિ હોય છે ત્યાં જ ભગવત્તાની પ્રાપ્તિ હોય છે.

જ્યારે તમે હંમેશ માટે સત્ય બોલવાનું શરૂ કરી દો છો ત્યારે આપોઆપ સત્યસિદ્ધિ પ્રાપ્ત થઈ જાય છે.

જે વ્યક્તિ હંમેશાં સત્ય જ બોલે છે તે વ્યક્તિ જે બોલે એવું જ થાય. તે જે ધારે એવું કરી શકે.

માટે જ્યારે સમાજમાં વિકટ પરિસ્થિતિ આવે ત્યારે તે વ્યક્તિ દ્વારા મળેલું સમાધાન અન્યની સમાધિનું કારણ બની શકે છે. આવી સત્યસિદ્ધિ જેની પાસે હોય તે સંપત્તિ કે સમયની અનુકૂળતા ન હોવા છતાં સ્વયંના સત્યના સત્ત્વથી અનેકોને સહાયક બની શકે છે.

અન્યને સહાયક બનવા બીજો માર્ગ છે મંત્રસિદ્ધિ.

જ્યારે કોઈ પણ મંત્ર કે સ્તોત્ર પર અતૂટ શ્રદ્ધા રાખી એની આરાધના કરવામાં આવે છે ત્યારે એ મંત્ર સિદ્ધ થઈ જાય છે. મંત્રસાધનામાં આત્મા સાથે ઐક્યતા, પ્રભુ સાથે એકાકાર થવાનું

હોય છે. અંતરના ભાવ અને પરમાર્થની ભાવના સાથે જ્યારે મંત્રની સાધના કરવામાં આવે છે ત્યારે એ મંત્ર સિદ્ધિની પ્રાપ્તિ કરાવે છે.

મંત્રનો બ્રહ્મનાદ વાતાવરણમાં એક electromagnetic fieldનું સર્જન કરે છે. એ બ્રહ્મધ્વનિના તરંગોમાં, એ vibrationsમાં સૂક્ષ્મ શક્તિ હોય છે, જે મંત્રના નાદને શ્રવણ કરનારને charge કરી દે છે.

એકવાર વ્યક્તિ જો મંત્રના બ્રહ્મધ્વનિથી charge થઈ જાય ત્યારે તેના ઘણાબધા problem solve થઈ શકે છે.

યાદ રાખજો,

જેટલી સેવા તમે સંપત્તિથી કરી શકો એનાથી અનેકગણી વધારે સેવા તમે મંત્રસિદ્ધિ દ્વારા કરી શકો છો.

જ્યારે કોઈને અશાતા થતી હોય અને જો તમારી પાસે મંત્રસિદ્ધિ હોય તો તમે મંત્રના નાદ દ્વારા તેને શાતા પમાડી શકો છો. કોઈનું મન અશાંત છે, તમે તેને શાંત કરી શકો છો. ઘણા અસહ્ય રોગોમાં, વેદનામાં મંત્રના સ્મરણ અને મંત્રના શ્રવણ દ્વારા આજ સુધી અનેકને શાતા મળી છે.

સેવા અને સહાય કરવા માટે લખપતિ કે કરોડપતિ બનવું જરૂરી નથી, પણ સહાય કરવા માટે સહાયક બનવાની સદ્‌ભાવના હોવી જરૂરી છે.

મંત્રસિદ્ધિ પ્રાપ્ત કરવા માટે જ્યારે-જ્યારે સમય મળે ત્યારે-ત્યારે ઇન્દ્રિયાતીત થઈ, ધ્યાનસ્થ થઈ જો મંત્રસાધનામાં લીન થવામાં આવે તો મંત્રસિદ્ધિના સાધક બની શકાય છે.

સત્યસિદ્ધિ અને મંત્રસિદ્ધિ પ્રાપ્ત કરવી જો તમને અઘરી લાગે તો **અન્યને સહાયક બનવાનો સૌથી easy way છે, કરુણાસિદ્ધિ.**

કરુણાસિદ્ધિ એ એક આત્મિક ભાવ છે. જે વ્યક્તિ એવી સતત ભાવના ભાવે કે મારા થકી જીવમાત્રને દુઃખ ન થવું જોઈએ, વેદના ન થવી જોઈએ, મારા કારણે એક પણ જીવનું મૃત્યુ ન થવું જોઈએ તેને જ કરુણાસિદ્ધિ પ્રાપ્ત થાય છે.

વ્યક્તિમાં રહેલો કરુણાભાવ તે વ્યક્તિની કરુણાસિદ્ધિની પ્રાપ્તિનું કારણ બની જાય છે.

કરુણાસિદ્ધ સાધકના હ્દયમાં એક જ ભાવ હોય કે હું ક્યારે અને કેવી રીતે કોઈને અનુકૂળ બનું, કેવી રીતે કોઈને સહાયક બનું. ક્ષણેક્ષણ એ જ ભાવ અને એ જ પ્રતીક્ષા હોય.

કરુણાસિદ્ધ સાધકમાં પ્રત્યેક જીવમાત્રની રક્ષા કરવાની સાવધાની હોય અને હરક્ષણ કોઈની સેવા અને સહાય કરવાની સદ્ભાવના હોય.

જેમના અંતરમાં સાવધાની અને સદ્ભાવના આવી જાય તેમને કરુણાસિદ્ધિ પ્રાપ્ત થઈ જાય.

જેમને કરુણાસિદ્ધિ પ્રાપ્ત થઈ જાય તે સાધકમાં સદ્ભાવનાથી એટલી positivity આવી જાય કે જેમને માથું દુઃખતું હોય તેમના માથા પર હાથ મૂકે તો તેનો માથાનો દુખાવો દૂર થઈ જાય. તેમની દૃષ્ટિ માત્રથી સામેવાળી વ્યક્તિને શાતા પહોંચી જાય. તેમની કરુણાદૃષ્ટિની સૂક્ષ્મ શક્તિથી ઘણુંબધું અશક્ય પણ શક્ય થઈ જાય.

જો તમને આવી એક સિદ્ધિ પ્રાપ્ત થઈ જાય તો શું તમે લાખો લોકોના સહાયક ન બની શકો?

તમે સંપત્તિથી સમૃદ્ધ હો કે ન હો, સત્યથી સમૃદ્ધ થઈ જાવ તો તમે ઘણાની સેવા કરી શકશો.

તમે મનથી સમૃદ્ધ હો કે ન હો, ચિંતા ન કરો, મંત્રથી સમૃદ્ધ થઈ જશો તો હજારો લોકોને સહાય કરી શકશો.

તમારી પાસે currency હોય કે ન હોય, તમારી પાસે જો કરુણાભાવ હશે તો તમે લાખો જીવોને કોઈને કોઈ પ્રકારે સહાયરૂપ થઈ શકશો.

વાત માત્ર એટલી છે,

વ્યક્તિ સામાન્ય હોય કે શ્રેષ્ઠ હોય, ક્યાંક ને ક્યાંક જો તે સાધક હશે તો ચોક્કસ બીજાને સહાયરૂપ બની શકશે.

સ્વાર્થ માટે નહીં, પણ બીજાને support કરવા માટે આ ત્રણ સિદ્ધિને પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરવો જોઈએ.

મંત્રસિદ્ધિ કોઈ ચમત્કાર નથી, મંત્રોના ઉચ્ચારણમાં સમાયેલા ભાવોની સૂક્ષ્મ તાકાત છે, મંત્રોમાં શબ્દોનાં સંયોજનોથી ઉત્પન્ન થતી energy છે.

જ્યારે સત્યસિદ્ધિમાં સત્ય સ્વયં એક positive અને powerful શક્તિ છે.

કરુણાસિદ્ધિમાં કરુણા એ આત્માનો ઉત્કૃષ્ટ ભાવ છે અને પરમાર્થની આંતરિક સદ્ભાવના છે.

કોઈ ને કોઈ રૂપે અન્યને સહાયક બનવાનો પુરુષાર્થ કરો. જેટલો તમે તમારા આ પુરુષાર્થ પર વિશ્વાસ રાખશો એટલા જ તમે અન્યને સહાયતાનો શ્વાસ આપી શકશો.

“

તમારી પાસે currency
હોય કે ન હોય,
તમારી પાસે જો
કરુણાભાવ હશે તો
તમે લાખો જીવોને
કોઈને કોઈ પ્રકારે સહાય
રૂપ થઈ શકશો.

તમે સંપત્તિથી
સમૃદ્ધ હો કે ન હો,
સત્યથી સમૃદ્ધ
થઈ જાવ તો
તમે ઘણાની સેવા
કરી શકશો.

”

?

ઘણીવાર ગમે એટલી ઇચ્છા હોવા છતાં, અત્યંત પુરુષાર્થ કરવા છતાં પરિસ્થિતિ બદલાતી ન હોય ત્યારે શું કરવું?

07

જીવનમાં સમયે-સમયે પરિસ્થિતિ અને સંજોગો બદલાતાં હોય છે. ક્યારેક સુખદ હોય તો ક્યારેક દુઃખદ હોય, ક્યારેક અનુકૂળ હોય તો ક્યારેક પ્રતિકૂળ હોય, પરંતુ પરિસ્થિતિ બદલવાની અને એને સુધારવાની ક્ષમતા સ્વયંની જ હોય છે.

પરિસ્થિતિ ચાહે ગમે તે હોય, પણ જો એને બદલવા માટે મનથી સંકલ્પ કરીએ તો પરિસ્થિતિને અવશ્ય બદલી શકાય છે.

તમારી આસપાસનાં કોઈ પણ પરિબળોને તમારે બદલવાં હોય, તમારા જીવનની નકારાત્મક સ્થિતિમાંથી તમારે બહાર નીકળવું હોય તો જરૂર છે એક સંકલ્પ કરવાની, દૃઢ મનોબળ સાથેનો સંકલ્પ કરવાની. જો તમે સંકલ્પ કરશો તો તમારો સંકલ્પ જ તમારું બળ બની જશે, તમારી શક્તિ બની જશે, તમારી તાકાત બની જશે.

સંકલ્પના પ્રભાવ સામે કર્મોની અસર પણ કામ નથી કરતી.

જો સંકલ્પબળ હોય તો ગમે એવી પરિસ્થિતિ પલટાઈ જતી હોય છે.

ઘણાને ઘણુંબધું કરવાનું મન હોય છે, પણ મનોબળ નથી હોતું. કોઈને CA બનવાનું મન થાય, પણ મનમાં વિચાર આવે કે મારાથી થશે? હું કરી શકીશ? PASS નહીં થાઉ તો? અને એમાં પણ જો ઘરના જરાક એમ કહી દે કે CA બનવું તારું કામ નહીં!

તો ભણવાની ક્ષમતા અને મનની ઇચ્છા હોવા છતાં તે વ્યક્તિ CA ન કરે. જ્યારે એક average marks લાવવાવાળો student જો સંકલ્પ કરે તો CAની exam પણ 1st attemptમાં clear કરી શકે, કેમ કે વ્યક્તિનો સંકલ્પ જ એનું બળ બની જતું હોય છે.

તમારો સંકલ્પ દૃઢ હોય તો પરિસ્થિતિ પણ તમને અનુકૂળ બની જાય છે અને જો તમારા મનમાં વિકલ્પ હોય તો તમારે પરિસ્થિતિને અનુકૂળ બનવું પડે છે.

જો મનમાં દૃઢ સંકલ્પ હોય અને કાર્ય કરવાની નિષ્ઠા હોય તો કોઈ કાર્ય અશક્ય નથી હોતું.

જ્યારે તમને એવું feel થાય કે આ કાર્ય મારાથી થશે કે નહીં? ત્યારે જૈનદર્શનના એક પાત્રને યાદ કરવા જેવું છે. તે પાત્રનું સંકલ્પબળ એની પરિસ્થિતિને પલટાવનારું હતું. એક સંકલ્પ તેમના જીવનની રાહ અને દિશા બન્નેને બદલાવનારો હતો.

તે પાત્ર એટલે નમિરાજર્ષિ. નમિરાજર્ષિ ભયંકર પીડા, વેદના અને પ્રતિકૂળ પરિસ્થિતિથી ઘેરાયેલા હતા, હેરાન-પરેશાન હતા, પણ એક જ સંકલ્પે તેમની પ્રતિકૂળ પરિસ્થિતિને અનુકૂળ બનાવી દીધી.

સંકલ્પબળમાં એ તાકાત હોય છે કે ગમે એવા દુઃખને હરાવી શકે છે. તમારી અંદર જો સંકલ્પ હોય તો આખેઆખી પરિસ્થિતિ પણ પરિવર્તિત થઈ જાય છે.

નમિરાજર્ષિ એટલે રાજવૈભવ અને અનેક રાણીઓના સ્વામી. તેઓ સુખ અને સાનુકૂળતાની વચ્ચે આનંદથી રહેતા હતા, પણ એક દિવસ પરિસ્થિતિ બદલાઈ ગઈ. અચાનક શરીરમાં 'દાહજ્વર' નામનો રોગ આવ્યો. આખા શરીરે અસહ્ય વેદના અને બળતરા થવા લાગી. અનેક ઉપચારો કરી-કરીને વૈદ્ય-હકીમો હારી ગયા, પરંતુ બળતરાની વેદના જરા પણ ઓછી ન થઈ. એકસાથે અનેક રાણીઓ પોતાના હાથે ચંદન ઘસીને રાજાના શરીરે લેપ લગાવે છે, પણ ક્ષણિક શીતળતા પછી તરત જ પાછી બળતરા શરૂ થઈ જાય છે. આવી રીતે દિવસો પસાર થતા જાય છે.

રાજા બળતરાની વેદનાથી ત્રસ્ત થઈ જાય છે અને તેમનો સ્વભાવ પણ બદલાવા લાગે છે. એક દિવસ રાણીઓ જ્યારે ચંદન ઘસતી હોય છે ત્યારે તેમના હાથનાં કંગનો એકબીજા સાથે ભટકાતાં એક પ્રકારનો રણકાર નીકળે છે.

બીમાર રાજાથી એ રણકાર સહન થતો નથી અને રાજા ચંદન ઘસવાની ના પાડી દે છે. રાણીઓને વિચાર આવે છે કે ચંદનથી રાજાને થોડી ક્ષણો માટે તો શાતા મળે છે! અને એમ વિચારીને તેઓ કંગન કાઢવાનો નિર્ણય કરે છે. તેઓ સૌભાગ્યના પ્રતીકરૂપ એક જ કંગન પહેરી રાખે છે અને ચંદન ઘસવાનું ફરી શરૂ કરી દે છે.

થોડીવાર પછી રાજાને પ્રશ્ન થાય છે કે આ કેવું? ચંદન પણ ઘસાય છે અને અવાજ પણ નથી આવતો? બાજુમાં ઊભેલા મંત્રી કહે છે, ''રાજન! રાણીઓએ સૌભાગ્યના પ્રતીકરૂપે માત્ર એક જ કંગન પહેરી રાખ્યું છે એટલે એનો અવાજ નથી આવતો. કંગન અનેક હતાં એટલે એકબીજાની સાથે ભટકાતાં હતાં અને એનો અવાજ આવતો હતો.''

રાજાના અંદરથી એક વિચાર વીજની જેમ ચમકી જાય છે.

જ્યાં એક છે ત્યાં શાંતિ છે, જ્યાં અનેક છે ત્યાં અશાંતિ છે. જ્યાં એક છે ત્યાં નથી વાદ, નથી વિવાદ કે નથી વિખવાદ.

જો આત્મા એકલો છે તો શાંતિ છે અને જ્યારે અનેકોની સાથે રહે છે ત્યારે રાગ-દ્વેષથી અથડાતાં-અથડાતાં અશાંત થઈ જાય છે.

આવા પ્રકારનું ચિંતન-મનન કરતાં-કરતાં રાજા એક દૃઢ સંકલ્પ કરે છે : જો મારો આ રોગ મટી જાય, મારી વેદના-બળતરા શાંત થઈ જાય તો મારે એકાંત સાધનામાં ચાલ્યા જવું છે, મારે એકત્વ જીવન જીવવું છે. જો મારો દાહજ્વર શાંત થશે તો હું પ્રવર્જિત થઈશ.

જે રોગ, જે પીડા, જે વેદના દિવસોના દિવસોથી મટતી નહોતી, જે રોગ કોઈ વૈદ્ય-હકીમ કે કોઈ ઉપચારથી મટતો નહોતો

એ રોગ એક સંકલ્પના બળથી મટી જાય છે, શાંત થઈ જાય છે. **યાદ રાખજો, જેટલો સંકલ્પ દૃઢ એટલી સિદ્ધિ સમીપ હોય છે.**

એક રાતનો સંકલ્પ અને એ સંકલ્પબળના પ્રભાવથી રાજા સવારે એકદમ સ્વસ્થ થઈ જાય છે. એ સંકલ્પને નિષ્ઠાપૂર્વક પૂરો કરવા રાજા રાજમહેલને છોડીને એકાંત સાધના કરવા નીકળી પડે છે.

કોઈ પણ રોગ હોય, શોક હોય, વેદના હોય, દુઃખ હોય, દર્દ હોય કે તકલીફ હોય, એ ક્યારેય તમારી ક્ષમતા કરતાં મોટાં નથી હોતાં. એકવાર જો તમારો સંકલ્પ દૃઢ થઈ જાય તો ગમે એવા રોગ, શોક, દુઃખ, વેદના, પીડા અને તકલીફ પણ એની સામે હારી જાય છે, એને દૂર થવું જ પડે છે.

પણ problem એ છે કે તમે એ દુઃખ, વેદના, પીડા અને તકલીફ સામે હારી જાવ છો અને અટવાઈ જાવ છો, પરંતુ આવા સમયે મૂંઝાવાની બદલે જો તમે દૃઢ મનથી સંકલ્પ કરો તો કાર્યસિદ્ધિ સુધી પહોંચી શકો.

સંકલ્પબળ એટલે સંકલ્પને પરિપૂર્ણ કરવાનો નિશ્ચય અને દૃઢતા. જેની અંદર સંકલ્પબળ હોય તે કાર્યસિદ્ધિ સુધી પહોંચી જ શકે છે.

જેની અંદર સંકલ્પબળ નથી હોતું એ કાર્ય કરતાં વચમાં જ અટકી જાય છે, અટવાઈ જાય છે અને પછી પસ્તાવાનો પાર રહેતો નથી.

જો સંકલ્પ હશે તો સફળતા જરૂર મળશે. જીવનમાં ગમે એવી પરિસ્થિતિ આવે, યાદ રાખજો કે **તમારે તમારી ક્ષમતા જેટલું જ તમારે સહન કરવાનું આવે છે. ગજા બહારનું દુઃખ ક્યારેય કોઈને મળતું નથી.**

એક પણ દુઃખ કે એક પણ તકલીફ એવી નહીં આવી હોય જેને તમે સહન ન કરી શક્યા હો. ખરાબમાં ખરાબ સમય પણ પસાર થઈ જ જાય છે.

તમારી અંદર સંકલ્પબળ હશે તો ગમે એવી અશાતા, ગમે એવી વેદના કે ગમે એવી તકલીફ પણ દૂર થઈ જશે, ગમે એવી પરિસ્થિતિ હશે તો એ ક્ષણમાં પલટાઈ જશે.

વિશ્વાસ હશે તો તમારું સંકલ્પબળ જ તમારી પરિસ્થિતિને પરિવર્તિત કરવા સક્ષમ બની જશે.

“

જો સંકલ્પબળ
હોય તો ગમે
એવી પરિસ્થિતિ
પલટાઈ જતી
હોય છે.

જેટલો સંકલ્પ
દૃઢ એટલી
સિદ્ધિ સમીપ
હોય છે.

”

?

બાળકના જન્મથી માતા-પિતા તો બની જવાય, પણ આદર્શ માતા-પિતા કેવાં હોવાં જોઈએ?

/18

આજનું બાળક આવતીકાલનું ભવિષ્ય છે. તેનામાં જ્ઞાન છે, શક્તિ છે, જુસ્સો છે, ઉત્સાહ છે કંઈક કરવાનો, કંઈક પામવાનો. કંઈક બનવાની ઇચ્છા છે, ઝંખના છે.

એક પતંગની જેમ આકાશમાં ઊંચે-ઊંચે ઊડવાની ઝંખના છે.

જ્યારે 'બાળક' નામની આ પતંગ જીવન-આકાશમાં ઊડવા માંગતી હોય ત્યારે એ પતંગની દોર કોના હાથમાં હોવી જોઈએ? દરેક માતા-પિતાને એમ જ હોય કે મારી પતંગની દોર મારા હાથમાં જ હોવી જોઈએ, મારા બાળકનો control મારા હાથમાં જ હોવો જોઈએ, અમારી ઇચ્છા મુજબ જ અમારું બાળક તૈયાર થવું જોઈએ. ના, બાળક ભલે નાનું હોય, તેને પણ તેની પોતાની ઇચ્છાઓ હોય, પોતાની મરજી હોય, પોતાના વિચારો હોય અને એ પ્રમાણે તેનું જીવન જીવવા ઇચ્છતું હોય.

બાળક નામની પતંગની દોર પોતાના હાથમાં રાખનારાં માતા-પિતાએ વિચારવું જોઈએ કે શું તેમને પતંગ ચગાવતાં આવડે છે? તેમને પતંગ ચગાવવાના નિયમોની ખબર છે ખરી?

પતંગ ત્યારે જ ચગે જ્યારે એ કુશળ વ્યક્તિના હાથમાં હોય.

જ્યારે પતંગ કુશળ વ્યક્તિના હાથમાં હોય છે ત્યારે એ ઝોલાં ખાતી નથી, ત્યારે એ કોઈના પેચથી કપાતી નથી અને ખૂબ જ ઊંચે ને ઊંચે જાય છે.

કેમ કે કુશળ વ્યક્તિ જાણે છે કે મારે પતંગની દોર કેવી રીતે બાંધવી જોઈએ, પતંગને ક્યારે ચગાવવી જોઈએ, એ સમયે પવન કેવો હોવો જોઈએ, પવનની દિશા કઈ તરફની હોવી જોઈએ. એને ખબર હોવી જોઈએ કે ક્યારે પતંગને ઢીલ દેવી જોઈએ અને ક્યારે ખેંચી લેવી જોઈએ?

જેને ખેંચતાં આવડે તેને ઢીલ મૂકતાં પણ આવડવું જોઈએ.

આજના parents, આજના વડીલો એમ જ માનતા હોય છે કે અમારા બાળકે અમે જેમ કહીએ એમ જ કરવું જોઈએ. પતંગનું આ ઉદાહરણ માતા-પિતાને એક deep રહસ્ય સમજાવી જાય છે, એક માર્મિક વાત કહી જાય છે.

એક બાળકને જ્યારે તમે જીવન આકાશમાં ખુશખુશાલ ઊડતું જોવા માગો છો ત્યારે સૌપ્રથમ વિચાર કરવો જોઈએ, ચિંતન કરવું જોઈએ કે શું મને પતંગ ચગાવતાં આવડે છે? શું મને હવાની રૂખ ઓળખતાં આવડે છે? શું મને સમયે-સમયે પતંગને ખેંચતાં અને ઢીલ દેતાં આવડે છે? જો હા હોય તો જ તમને તમારા બાળકની દોર પકડવાનો હક છે.

બાળકને જન્મ આપવાથી તેના પર તમારો હક હોય, પણ તેના વિચારો પર, તેની સ્વતંત્રતા પર તમારો કોઈ અધિકાર ન હોય. તમે બાળકના care taker છો, માલિક નહીં.

જે માતા-પિતા માલિકીની ભાવનાથી દૂર, care taker બનીને રહે છે તેમનું સંતાન જ વિકાસ અને પ્રગતિ કરી શકે છે.

જ્યારે તમે એક બાળકને તેના જીવનના ખુલ્લા અને વિશાળ આકાશમાં ઊડતા જોવા ઇચ્છતા હો તો **તમારી પાસે બે આવડત** હોવી જોઈએ : **ક્યાંક તમને પકડતાં આવડવું જોઈએ અને ક્યાંક છોડતાં પણ આવડવું જોઈએ.**

પણ મોટા ભાગનાં માતા-પિતાની ખોટ એ જ છે કે જ્યારે છોડવાનું હોય ત્યારે પકડી રાખે છે અને જ્યારે પકડવાનું હોય ત્યારે છોડી દે છે.

જ્યારે પુષ્કળ પવન હતો, યોગ્ય સમય હતો ત્યારે ઢીલ મૂકવાની હતી, પણ જો એ સમયે પકડી રાખે તો શું થાય?

પછી ફરિયાદ કરવી પડે કે અમારું બાળક અમારા હાથમાં નથી, તેનું ધ્યાન ભણવામાં નથી, આખો દિવસ TV જોયા કરે છે, net પર chatting અને surfing કર્યા કરે છે અથવા આખો દિવસ mobile પર રહે છે અને જ્યાં સુધી એક-બે લાફા ન પડે ત્યાં સુધી ભણવા ન બેસે.

આવું કેમ થાય છે? કેમ તે બાળક તેનાં માતા-પિતાનું કહ્યું માનતું નથી? ક્યારેય તેના પર વિચાર, ચિંતન કે સંશોધન કર્યું છે? ક્યારેય child psychology જાણવાનો પ્રયત્ન કર્યો છે?

માતા-પિતા બાળક નામના પતંગની દોર તો પોતાના હાથમાં લઈ લેતાં હોય છે, પણ શું તેમને પવનની રૂખ પારખતાં આવડે છે? બાળમાનસને, તેના moodના પવનની રૂખને પારખતાં આવડે છે? અત્યારે તેનું મન, તેની ઇચ્છા, તેનો mood રમવાનો છે કે ભણવાનો એ જાણતાં આવડે છે?

જે પતંગ ચગાવનારને પવનની પરખ છે તેની પતંગ હંમેશાં વિકાસના પંથે જ હોય છે. તેમ જે માતા-પિતાને દીકરા-દીકરીના moodની પરખ હોય છે તે બાળકો હંમેશાં પ્રગતિના પંથે જ હોય છે.

સંતાનોની સિદ્ધિ માટે દરેક મા-બાપે એક survey કરવાનો હોય છે, એક નિરીક્ષણ કરવાનું હોય છે કે મારું બાળક કયા સમયે, ક્યારે-ક્યારે અને કેવા વાતાવરણમાં સૌથી વધારે પ્રસન્ન હોય છે, સૌથી વધારે moodમાં હોય છે?

જેમ આપણી ભૂખ-તરસની cycle હોય છે એમ આપણા moodની પણ cycle હોય છે. સવારે નાસ્તો કર્યો હોય પછી સીધી બપોરે જ ભૂખ લાગે.

આપણા શરીરની cycleની જેમ આપણા moodની, આપણી પ્રસન્નતાની, આપણી અપ્રસન્નતાની પણ એક cycle હોય છે. માટે જ બાળક હોય કે આપણે, દરેક સમયે આપણો mood અલગ-અલગ હોય છે.

જે માતા-પિતાને તેમના બાળકનો mood પારખતાં આવડે છે તે માતા-પિતા એ moodના સમયનો સદ્ઉપયોગ કરી લે છે. Mood સારો હોય ત્યારે તેને ખૂબ જ પ્રેમથી ભણવા બેસાડી દે છે અને બાળક પણ એ સમયે હોંશથી ભણવા લાગે છે. તેનું મન એ દિશામાં જોડાઈ જાય છે અને માટે ઓછા સમયમાં બાળક વધુ યાદ રાખી શકે છે, વધુ અભ્યાસ કરી શકે છે. આ રીતે બાળકની પતંગની દોર મમ્મી પકડી રાખે, ખેંચી રાખે તો તેના બાળકના જ્ઞાનની વૃદ્ધિ જીવન-આકાશમાં ઊંચે ને ઊંચે જવા લાગે છે.

અને જો બાળકનો mood ન હોય અને પરાણે ભણવા બેસાડો તો શું થાય? માતા-પિતાના ગુસ્સાના ડરથી કે લાફાના ભયથી તે પુસ્તક ખોલીને વાંચવા તો બેસશે, પણ વાંચતી વખતે તેનું ધ્યાન પુસ્તકમાં નહીં હોય. પુસ્તકમાં અક્ષરોની જગ્યાએ તેને શું દેખાશે? તેને દેખાશે પપ્પાની ગુસ્સાથી લાલઘૂમ થયેલી આંખો, તેને દેખાશે મમ્મીનો લાફો મારવા માટે ઊઠેલો હાથ. અને તે બાળકનું મન દુઃખી-દુઃખી થઈ જશે, હતાશ થઈ જશે અને એક દિવસ તે depressionમાં આવી જશે. માટે જ **બાળકની દોર હાથમાં લેતાં પહેલાં child psychology જાણવી ખૂબ જ જરૂરી છે.**

દરેક માતા-પિતાની ઝંખના હોય કે મારું બાળક સૌથી હોશિયાર બને, બધા કરતાં વધારે જ્ઞાન પ્રાપ્ત કરે, સારા marks

લાવે, હંમેશાં classમાં પ્રથમ આવે અને પોતાની એ ભાવના પૂરી કરવા માતા-પિતા હંમેશાં પોતાના બાળકની બીજાના બાળક સાથે comparison કરતાં હોય છે, સરખામણી કરતાં હોય છે. જો તેને આટલા marks આવ્યા તો તને કેમ નથી આવતા? તેણે scienceમાં admission લીધું, તને કેમ commerceમાં લેવું છે? અને આ જ competitionના કારણે બાળકમાં negativity, inferiority complex, ઈર્ષ્યાભાવ થવા લાગે છે અને તે બીજા જેવો બનવાનો પ્રયત્ન કરવા લાગે છે, પણ જ્યારે તેના જેવો ન બની શકે ત્યારે depressionમાં આવી જાય છે.

અંતે, **જે માતા–પિતા પોતાના બાળકને બીજા બધા કરતાં આગળ રાખવા માગે છે તેઓ જ પોતાના બાળકને સૌથી પાછળ રાખવાનું નિમિત્ત બની જતાં હોય છે.**

યાદ રાખો, **pressureથી ક્યારેય પ્રગતિ ન કરાવી શકાય. પ્રગતિ કરાવવા માટે પ્રેમ જોઈએ** અને માટે જ જે માતા-પિતા બાળકની psychologyને સમજી જાય છે તેના બાળકની પ્રગતિ થવા લાગે છે.

વિશ્વાસ રાખજો, બાળક નામની પતંગની દોર હાથમાં લેતાં પહેલાં પતંગ ચગાવવાની તાલીમ આવડી જાય તો આદર્શ માતા-પિતા બની શકાય.

“

જે માતા-પિતાને
દીકરા-દીકરીના
moodની પરખ
હોય છે તે બાળકો
હંમેશાં પ્રગતિના
પંથે જ હોય છે.

Pressureથી
ક્યારેય પ્રગતિ
ન કરાવી શકાય.
પ્રગતિ કરાવવા
માટે પ્રેમ જોઈએ.
”

?

આ વિશ્વનો દરેક જીવ પ્રસન્ન રહેવા માગે છે, પ્રસન્ન રહેવાના ઘણા ઉપાયો પણ શોધે છે. પ્રસન્નતા ક્યારેક મળી પણ જાય તો એ ટકતી નથી, તો એના માટે શું કરવું જોઈએ?

09

પ્રસન્નતા કોને ન ગમે! બધાને પ્રસન્નતા ગમે પણ છે અને જોઈએ પણ છે. પ્રસન્નતાને મેળવવા વ્યક્તિ ઘણો પુરુષાર્થ કરે છતાં બધાના ચહેરા પર પ્રસન્નતા સદાય માટે જોવા ન મળે.

પ્રસન્નતા ગુમાવવા પાછળનાં ત્રણ મુખ્ય કારણ છે.

પ્રસન્નતા ગુમાવવાનું સૌથી પ્રથમ મુખ્ય કારણ હોય છે સ્વયંની ઇચ્છાઓ.

ઇચ્છાઓ તમારી પ્રસન્નતાને છીનવી લે છે. ઇચ્છાઓ આવે એટલે પ્રસન્નતા જાય અને પ્રસન્નતા આવે એટલે ઇચ્છાઓ જાય.

એકવાર જો તમારી ધારેલી ઇચ્છા પૂરી થઈ જાય એટલે તમને એમ થાય કે મારી ઇચ્છા પૂરી થઈ ગઈ, હવે તો હું પ્રસન્ન જ રહીશ. પણ એક ઇચ્છા પૂરી થાય એના થોડા સમય પછી તમે અનુભવ્યું હશે કે બીજી ઇચ્છાએ તરત જન્મ લઈ લીધો હશે. ઇચ્છાનો નિયમ હોય કે ઇચ્છા ક્યારેય અપુત્રવતી ન હોય. તેના એક પછી એક દીકરાઓ જન્મતા જ હોય. ઇચ્છાઓનો ક્યારેય નાશ જ ન થાય.

Check કરો. તમે સૌથી વધારે upset ક્યારે થાવ?

જ્યારે તમારી ઇચ્છા પૂરી ન થાય ત્યારે.

પણ જેમને કોઈ જાતની ઇચ્છા જ ન હોય તેમના ચહેરા પર સદાય સ્મિત હોય, માટે ઇચ્છાથી મુક્તિ એ પ્રસન્નતાનું કારણ છે.

પ્રસન્નતા ગુમાવવાનું બીજું મુખ્ય કારણ છે વસ્તુ, વ્યક્તિ, સ્થિતિ, સંયોગ અને સંબંધ પ્રત્યેની આસક્તિ.

જેટલી તમારી આસક્તિ વધારે એટલી તમારી પ્રસન્નતા ઓછી. સંબંધોની આસક્તિ તમારા સમયને ખાઈ જાય છે અને સંબંધોને ઘટાડવાનો એક શ્રેષ્ઠ ઉપાય છે કોઈને સામેથી વળગવા ન જવું.

ઘણાને આદત હોય કે ગમે ત્યાં ગયા હોય, પછી એ function હોય કે શિબિર, જે મળે તેને સામેથી પૂછે :

તમે ક્યાં રહો છો?

તમારા પરિવારમાં કોણ-કોણ છે?

તમે આખો દિવસ શું કરો છો? વગરે... વગરે. પછી જો સામેવાળાએ સરખો જવાબ ન આપ્યો હોય તો ક્યાંય સુધી તેના વિચારોમાં રહેશે કે તેને તો જવાબ આપતાં પણ નથી આવડતું, તેનામાં અભિમાન છે વગેરે.

યાદ રાખજો,

જે સામેથી વળગવા જાય તેને સળગવાનો વારો આવે.

જેટલા સંબંધો સંસારની જરૂરિયાત પ્રમાણે જરૂરી છે એ બરાબર છે. એના સિવાયના સંબંધો પાછળ સમય બગાડનાર

પોતાની જાત પ્રત્યે સાવધાન રહી શકતા નથી. માટે જરૂર ન હોય એ સંબંધોને છોડતા શીખો અને જરૂર હોય તો એ સંબંધોથી નિરપેક્ષ રહેતાં શીખો.

સંસારના દરેક સંબંધને હાથમાં રેતની જેમ રાખો. સરતાં પણ વાર નહીં અને રાખવામાં પણ ભાર નહીં.

સંયોગ, સ્થિતિ અને સંબંધો પ્રત્યે તમે તમારી જાતને નિરપેક્ષ બનાવી દો, નિર્લેપ બનાવી દો. બધા છે છતાં કોઈ નથી, **મળવું બધાને, પણ ભળવું કોઈનામાં નહીં.** પ્રેમ બધા પર પણ attachment કોઈની સાથે નહીં.

સંયોગ, સ્થિતિ અને સંબંધોને જળકમળવત્ બનાવી દો. કમળ જળમાં એટલે કે પાણીમાં જ જન્મે અને પાણીમાં જ જીવે, છતાં તમે એના પર પાણી નાખો તો પાણી એને સ્પર્શી પણ નહીં શકે.

સંબંધોની અસરથી મુક્ત રહેવા માટે યાદ રાખવાનું કે જન્મના station પર બધાં સગાં-સંબંધીઓ મળ્યાં છે, મૃત્યુના station પર બધાં ઊતરવાનાં જ છે. મૃત્યુનાં station પણ બધાંનાં અલગ-અલગ છે.

જીવનરૂપી trainમાં સફર પૂરતો જ સાથ છે તો બધા સાથે પ્રેમથી રહેવું પણ લાગણીથી attach ન થવું, કેમ કે લાગણી જેવું realમાં કંઈ હોય જ નહીં. એ તો માત્ર મોહના કારણે ઉદ્ભવેલો એક ભ્રમ હોય.

જેટલી નિરપેક્ષતા વધારે એટલી પ્રસન્નતા વધારે.

માનો કે તમને સમાચાર મળે કે તમારી societyમાં આગ લાગી છે એટલે પહેલી જ ક્ષણે વિચાર આવશે કે કોના ઘરમાં આગ લાગી હશે?

જ્યારે ખબર પડે કે તમારા ઘરમાં નથી લાગી એટલે તમને શાંતિ થશે, ચિંતા નહીં થાય.

જ્યાં મારાપણું હોય ત્યાં ચિંતા-અશાંતિ હોય, પણ જ્યાં મારાપણું નથી ત્યાં શાંતિ છે.

વસ્તુ અથવા વ્યક્તિ પ્રત્યે જો આસક્તિ હોય તો એના તૂટી જવાથી, બળી જવાથી, વિયોગ થવાથી અપ્રસન્નતા થાય, પણ જો આસક્તિ ન હોય તો તમારી પ્રસન્નતા કોઈ ન લઈ જઈ શકે.

ચિંતા તમારી પ્રસન્નતાને disturb કરે છે, પણ નિરપેક્ષભાવ તમારી પ્રસન્નતાને ક્યારેય disturb ન કરે.

સંબંધોનો ઉપયોગ હોય, પણ એના પર અધિકાર ન હોવો જોઈએ. કારણ કે પ્રસન્નતાને છીનવી લેનાર જો કોઈ ત્રીજું મુખ્ય કારણ હોય તો એ છે સંબંધ પ્રત્યેનો અધિકારભાવ.

સંબંધોને સરિતા જેવા રાખવા જોઈએ. જ્યારે જરૂર છે ત્યારે એમાંથી પાણી લીધું. બાકી એના પર કોઈ અધિકાર નહીં. જોકે મોટા ભાગે લોકો સંબંધોને સરિતા નહીં, માટલું બનાવીને રાખે

છે. મારું માટલું એટલે એના પર મારો અધિકાર અને એમાંથી જ problem શરૂ થાય.

તમે સૂરજને પ્રેમ કરી શકો, એનો પ્રકાશ માણી શકો, એમાંથી જે મેળવવું છે એ મેળવી પણ શકો, પણ શું એના પર અધિકાર કરી શકો? ના.

શું દરેક પ્રિય પાત્ર કે પ્રિય વ્યક્તિ પર અધિકાર કરી શકાય? ના.

અધિકાર કરો એટલે અપેક્ષા આવે અને અપેક્ષા પૂરી ન થાય એટલે ચહેરા પરની પ્રસન્નતા ઊડી જાય.

અધિકાર નહીં તો અપેક્ષા નહીં, અપેક્ષા નહીં તો પ્રસન્નતાને ગુમાવવાનું કોઈ કારણ જ નહીં.

માટે, સંબંધોમાં નિર્લેપતા રાખો અને અધિકારમુક્ત બની જાઓ.

મહારાજા શ્રીકૃષ્ણની રાણીઓ એક દિવસ યમુના નદીના સામે કાંઠે રહેતા તપસ્વી યોગીને ભોજન કરાવવા જવાના ભાવ રાખે છે, પણ યમુના આખી પાણીથી છલકાઈ ગઈ હતી અને એને પસાર કરીને જવાનો કોઈ માર્ગ નહોતો.

રાણીઓ 'શું કરવું'ના વિચારમાં હતી ત્યાં જ એક જ્ઞાનીજન તેમને સમાધાન આપતાં કહે છે, "તમે યમુનાજીને પ્રાર્થના કરો કે જો અમારા સ્વામી શ્રીકૃષ્ણ બાળબ્રહ્મચારી હોય તો અમને માર્ગ

આપો.'' બધી રાણીઓ એકબીજા સામે આશ્ચર્યથી જુએ છે છતાં જિજ્ઞાસા સાથે પ્રાર્થના કરે છે અને યમુનામાં માર્ગ થઈ જાય છે.

બધી રાણીઓ સામે પાર જઈ તપસ્વીને શ્રેષ્ઠ ભોજન જમાડે છે અને પાછી મહેલ જવા નીકળે છે. યમુનાનો માર્ગ તો ફરી પુરાઈ ગયો હતો. હવે પાછા કેવી રીતે આવવું?

ફરી એક જ્ઞાનીજન કહે છે, ''તમે યમુનાજીને પ્રાર્થના કરો કે તમે જેમને ભોજન કરાવવા ગયાં હતાં તે મહાત્મા નિત્ય તપસ્વી હોય તો અમને માર્ગ આપો.''

ફરી બધી રાણીઓ આશ્ચર્યચકિત થઈ જાય છે. હમણાં તો યોગીને ભોજન કરાવીને આવ્યા છતાં તપસ્વી!

તેઓ યમુનાને પ્રાર્થના કરે છે અને ફરી યમુનામાં માર્ગ થઈ જાય છે.

રાણીઓ સીધી જાય છે મહારાજા શ્રીકૃષ્ણ પાસે અને બનેલી ઘટના કહેતાં પૂછે છે, ''સ્વામી, આ તે કેવું કુતૂહલ કહેવાય?''

મહારાજા શ્રીકૃષ્ણ જવાબ આપતાં કહે છે, ''તમે જેને જુઓ છો તે હું નથી અને જે હું છું તેને તમે જોતા નથી.''

''તમે જે શ્રીકૃષ્ણને જુઓ છો એ તો તેનું દેહરૂપી પૂતળું છે અને એ પૂતળા દ્વારા થતી પ્રવૃત્તિઓને તમે શ્રીકૃષ્ણની પ્રવૃત્તિઓ માનો છો.''

રાણીઓએ કહ્યું, ''તો પછી તે ભોજન લેવા છતાં તપસ્વી?''

શ્રીકૃષ્ણએ કહ્યું, ''એ મહાત્મા પોતાની ઇચ્છાથી ભોજન નથી લેતા, નથી તેમને ભોજન પ્રત્યે કોઈ આસક્તિ. એ તો તમારું માન રાખવા તમારી વિનંતીનો સ્વીકાર કરે છે.''

આને કહેવાય નિર્લેપતા.

આને કહેવાય અનાસક્ત ભાવ.

તમારા સંબંધો પણ આવા નિર્લેપ હોવા જોઈએ. સંસારમાં છો એટલે સંબંધ હોય, પણ સંબંધ થકી કોઈ અસર નથી.

સંબંધીઓ તરફથી માન મળે કે અપમાન, બોલાવે કે ન બોલાવે, સૌ-સૌના ભાવમાં. તમારા મન પર તેની કોઈ અસર ન આવવી જોઈએ.

અનાસક્તિ તમારી પ્રસન્નતાને અકબંધ રાખે છે.

ઇચ્છાઓ તમારી પ્રસન્નતાનું મારણ છે.

સદાય પ્રસન્નતા રાખવી હોય તો શું કરવું જોઈએ?

નિરપેક્ષ અને નિર્લેપભાવ કેળવવા જોઈએ.

માનો કે કોઈની સેવા કરો છો તો એ પણ પ્રેમ અને કરુણાથી કરો, સત્કર્મના ફળની આશા અને અપેક્ષા વિના કરો, તો તમારી પ્રસન્નતા કાયમ બની રહેશે.

જો તમને સદાય તમારા ચહેરા પર પ્રસન્નતા જોઈતી હોય તો આજથી વિશ્વાસ રાખીને સંકલ્પ કરો,

મારે મારા સંબંધો પ્રત્યે અનાસક્ત રહેવું છે અને સંબંધોને ઘટાડવા મારે નિર્લેપ અને નિરપેક્ષભાવને વધારવા છે.

મારે મારી પ્રસન્નતા રાખવા અને સર્વત્ર પ્રસન્નતા પ્રસરાવવા ઇચ્છામુક્ત બનીને સંયોગો, સ્થિતિઓ અને સંબંધો પ્રત્યે નિર્લેપ અને અધિકારમુક્ત રહેવું છે.

“

અનાસક્તિ તમારી પ્રસન્નતાને અકબંધ રાખે છે. ઇચ્છાઓ તમારી પ્રસન્નતાનું મારણ છે.

જે સામેથી વળગવા જાય તેને સળગવાનો વારો આવે.

”

?

Routine lifeમાં પ્રસન્ન રહેવું easy છે, પણ જ્યારે કોઈ mistake થાય ત્યારે upset થઈ જવાય છે. Mistake થયા પછી પણ પ્રસન્ન કઈ રીતે રહી શકાય?

10

આ દુનિયાની દરેક વ્યક્તિથી ક્યારેક ને ક્યારેક જીવનમાં ભૂલ થઈ હોય છે. ભૂલ થાય બધાથી, પણ એમાંથી અમુક જ એવા હોય છે જે પોતાની ભૂલને સ્વીકારે છે. તે અમુકમાંથી પણ થોડાક જ એવા હોય જેઓ ભૂલને સુધારવાનો પ્રયત્ન કરે છે અને એમાંથી પણ કોઈ એકાદ જ એવા હોય છે જેઓ ભૂલ સુધારી શકે છે.

જે પોતાની mistakeને સુધારી લે છે તેને સજા મળતી નથી, પણ જે mistakeને સુધારી શકતા નથી તેમને સજા મળ્યા વગર રહેતી નથી. શ્રેષ્ઠ માર્ગ કયો?

શ્રેષ્ઠ માર્ગ તો એ છે જ્યાં સજા ભોગવીને mistake સુધારવી ન પડે, પણ mistakeને realise કરી, mistakeને જ clear કરી નાખીએ.

જ્યારે mistake, mistake છે એ realise થાય ત્યારે જ એ mistakeને સુધારી શકાય. તમે wrong કરો છો એ realise થાય તો તમે wrong છોડીને right તરફ જઈ શકો. જો wrong જ right લાગે તો wrong છોડી જ કેવી રીતે શકાય?

આ જગતમાં ભૂલનો સ્વીકાર કરવાવાળા વધારે મળે, ભૂલને realise કરવાવાળા વધારે મળે, ભૂલને clear કરવાવાળા વધારે મળે કે પછી પોતાની કોઈ ભૂલ નથી એવું કહીને તમારી સાથે argument કરવાવાળા વધારે મળે?

તમારે તમારા natureને check કરવો જોઈએ, તમને જ્યારે કોઈ તમારી ભૂલ બતાવે છે ત્યારે તમે તેમની સાથે arguments કરો છો કે પછી easily accept કરી લો છો? જે ભૂલ કર્યા પછી arguments કરે છે અને excuses આપે છે તેનું future dark હોય છે અને જે પોતાની ભૂલને realise કરી, સ્વીકાર કરી એને સુધારવાનો પ્રયત્ન કરે છે તેનું future bright હોય છે. **યાદ રાખજો, argument વગર ભૂલને accept કરવી એ તમારા futureને bright બનાવી દે છે.**

બાહુબલી જ્યારે યુદ્ધના મેદાનમાં તેમના ભાઈ ભરત પર મુષ્ટિપ્રહાર કરી તેને મારી નાખવાના ભાવ સાથે જ્યાં મુષ્ટિ ઉગામે છે ત્યાં જ તેમને પોતાની ભૂલનું realisation થાય છે કે 'અરે, હું આ કેટલી મોટી ભૂલ કરી રહ્યો છું. હું મારા જ ભાઈની હત્યા કરવા જઈ રહ્યો છું.'

આ એક ભૂલનું realisation થતાં જ તેમની ઉગામેલી મુષ્ટિ અટકી જાય છે.

જો તેમણે એ મુષ્ટિપ્રહાર દ્વારા પોતાના ભાઈને મારી નાખ્યો હોત તો? તો ઇતિહાસના પાના પર તેની negative image અંકિત થઈ ગઈ હોત. પણ આજે આટલાં વર્ષો પછી પણ તેઓ શ્રદ્ધા સાથે પૂજાય છે, લાખો લોકો તેમને વંદના કરે છે. શા માટે?

ભૂલ કરવાના કારણે કે ભૂલને realise કરી એને સુધારવાના

પ્રયત્નના કારણે? **જે ભૂલને realise કરે છે અને ભૂલને સુધારી લે છે તે વંદનીય બની જાય છે, તે દર્શનીય બની જાય છે.** માટે જ દરરોજ તમારા natureનું observation કરવું જોઈએ, પણ natureનું observation કરાય કઈ રીતે?

તમને જેમના પ્રત્યે respect હોય તે વ્યક્તિને તમારા observer બનાવી શકાય. તેમને એવું કહી શકાય કે તમે મારી નિત્ય પ્રવૃત્તિઓને નિહાળજો અને જ્યાં મારી ભૂલ થાય ત્યાં મને બતાવજો. તેમના પ્રત્યે respect હોવાના કારણે તેમના દ્વારા બતાવેલી ભૂલ તમને સહજતાથી સ્વીકાર્ય થઈ જશે.

એકવાર જે ભૂલને realise કરતા થઈ જાય છે તેમની ભૂલ સુધરી જાય છે અને સાથે-સાથે નવી ભૂલો થવાની ઘટતી જાય છે. તમારાં કપડાં પર લાગેલા ડાઘ તમને દેખાય કે ન દેખાય, પણ સામેવાળાને તો અવશ્ય દેખાય જ છે.

જે વ્યક્તિને તમારો ડાઘ દેખાય છે તે તમને બતાવે છે. એનો અર્થ એ નથી કે તે તમારા માટે negative છે એટલે બતાવે છે, પરંતુ તે તો તમારું સારું ઇચ્છે છે માટે બતાવે છે. **જ્યારે કોઈ ભૂલ બતાવે ત્યારે તેના પર ગુસ્સે ન થતાં તેનો ઉપકાર માનવો જોઈએ.**

મોટા ભાગના લોકોને કોઈ ભૂલ બતાવે ત્યારે ગુસ્સો આવી જતો હોય છે અને ગુસ્સામાં કહેતા પણ હોય છે કે હું તો આવો

જ છું અને આમ જ કરીશ. **જે લોકો એમ કહે છે કે હું તો આમ જ કરીશ,** તેમની mistake multiply થતી જાય છે અને તેમનું future હજી dark થતું જાય છે.

માટે જ, **lifeમાં જે તમારી ભૂલને બતાવે તેને તમારે તમારા ભગવાન માનવા. તમે જો તેમને ભગવાન માની લેશો તો ધીમે-ધીમે તમે પણ automatically ભગવાન જેવા બનતા જશો.**

આજ સુધી જેટલા પણ પરમાત્મા બન્યા છે તે ભૂલને છુપાવીને ભગવાન નથી બન્યા, ભૂલને સુધારીને ભગવાન બન્યા છે.

જે પોતાની ભૂલને સુધારતા હોય તેમના ચહેરા હંમેશાં bright હોય, happy હોય અને જે પોતાની ભૂલને છુપાવતા હોય તેમના મનમાં એક પ્રકારનો ભય હોય કે મારી ભૂલ કોઈને ખબર પડી જશે તો! માટે જ, **ભૂલને બતાવનારા મહાઉપકારી હોય, જે તમારા ચહેરા પર પ્રસન્નતા અને તમારી lifeમાં happiness લાવે છે.**

જો તમે mistake બતાવનારને ભગવાન માનશો તો mistake થયા પછી પણ તમારા ચહેરા પર ભગવાન જેવી પ્રસન્નતા રહેશે એ વિશ્વાસ રાખજો.

“

Argument
વગર ભૂલને
Accept કરવી
એ તમારા Futureને
Bright
બનાવી દે છે.

Lifeમાં
જે તમારી
ભૂલને બતાવે
તેને તમારે
તમારા ભગવાન
માનવા.

”

?

નાની-નાની વાતમાં પણ લાગણી ઘવાય છે, દુઃખ ન હોવા છતાં પણ ક્યારેક બહુ દુઃખી થઈ જવાય છે. વ્યક્તિ પોતાની આ અતિલાગણી પર control કઈ રીતે કરી શકે?

11

આખા buildingમાં પ્રકાશ-પ્રકાશ છે. ચારે બાજુ light ઝગમગે છે, બધા આનંદમાં છે.

ત્યાં જ થોડીવારમાં અચાનક અંધારું થઈ જાય છે. એક secondમાં પ્રકાશથી ઝળહળતા buildingમાં ચારે બાજુ અંધારું છવાઈ જાય છે. કારણ?

કારણ કે buildingનો fuse ઊડી ગયો છે. જેમ building છે એમ આપણી life છે. ખબર નથી એનો fuse ક્યારે ઊડી જાય? તો પછી fuse ઊડે એ પહેલાં futureનો કોઈ plan બનાવ્યો છે ખરો?

અનેક જવાબ મળે, હા... હા... બનાવ્યો છેને. College પૂરી થાય એટલે business કરવાનો, ખૂબ-ખૂબ કમાવાનું, posh areaમાં first class ઘર લેવાનું, થોડું investment કરવાનું, લગ્ન કરવાનાં, world tour કરવાની, મોજ-મસ્તી કરવાની અને છોકરાઓને graduate કરી settle કરવાના, પછી retired life enjoy કરવાની.

સરસ, આ બધું તો આ ભવનું planning થયું. Futureનું એટલે કે મૃત્યુ પછીના ભવનું શું?

એની ચિંતા શું કરવાની? આ ભવમાં જે મળ્યું છે એને ભોગવવાનું અને lifeને enjoy કરવાની.

પણ ક્યારેય વિચાર કર્યો છે કે આ ભવમાં આ બધું શા માટે મળ્યું છે? આ ઘર, આ પરિવાર, આ સુખ, આ સાહ્યબી કેવી રીતે મળ્યાં છે? આ બધું તો ભૂતકાળમાં કરેલાં શુભ કર્મો અને સત્કાર્યોનું ફળ છે. હવે આ ભવમાં કંઈ નહીં કરો તો ભવિષ્યમાં શું મળશે? આવતા જન્મમાં શું મળશે?

Lifeનો fuse ઊડે એ પહેલાં futureનો plan કરવો ખૂબ જ જરૂરી છે. આ ભવે બધાં પુણ્ય ખર્ચાઈ જશે પછી ભવિષ્યના ભવમાં શું કરશો?

જે ભૂતકાળને નજર સમક્ષ રાખીને વર્તમાનને સુધારે છે તેનું ભવિષ્ય ભવ્ય બને છે.

તમે જેમને તમારા પોતાના માનતા હો, જેમની care કરતા હો, relations maintain કરતા હો, જેમની સાથે જિંદગી પસાર કરતા હો તેનો fuse પણ ઊડી શકે કે નહીં?

જે પ્રેમ, જે લાગણી પહેલા દિવસે હોય એવાં જ શું કાયમ રહે ખરાં?

યાદ રાખો, જેમ lifeનો fuse ઊડે એમ લાગણીનો fuse પણ ઊડી શકે છે.

જે દિવસે લાગણીનો fuse ઊડે એ દિવસે શું?

લાગણી આમ પણ sticker જેવી હોય છે. શરૂઆતમાં gum ખૂબ જ હોય એટલે એકદમ ચીપકીને રહે. પછી જેમ-જેમ સમય પસાર થાય, gumની ચીકાશ ઘટતી જાય તેમ-તેમ sticker ઊખડતું જાય અને એક દિવસ જ્યારે આખું sticker નીકળી જવાની અણી પર હોય ત્યારે એને ટકાવી રાખવાનો પ્રયત્ન કરવો પડે છે.

એમ પ્રેમ, લાગણી અને સંબંધો જ્યારે તૂટવાની તૈયારીમાં હોય ત્યારે એને ટકાવી રાખવાના પ્રયત્ન કરવા પડે.

લાગણીનો fuse ઊડે એટલે lifeમાં અંધારું થઈ જાય, પણ જો એ fuse ઊડે એ પહેલાં મનને prepare કરી રાખ્યું હોય તો? મનને માનસિક રીતે તૈયાર કરી રાખ્યું હોય તો? લાગણીના fuseને ઊડતો બચાવવો એ આપણા હાથમાં નથી, પણ એવી સ્થિતિમાં સ્વયંને દુઃખી થતાં, upset થતાં બચાવી લેવો એ અવશ્ય આપણા હાથમાં જ છે.

જો તમારી અંદર એ સમજ દૃઢ હોય કે લાગણી એ sticker છે અને ગમે ત્યારે ઊખડી શકે છે તો શું એ તમને દુઃખી કરી શકે? પણ problem એ છે કે તમે લાગણી તો રાખો છો અને એ પણ unlimited લાગણી રાખો છો.

લાગણી પાણી જેવી છે. જો પાણી પીવું હોય તો પાણીને કૂવામાંથી બહાર કાઢવું પડશે, પણ કૂવામાં પડવું તો ન જ જોઈએ. કૂવામાં પડીએ તો ડૂબી જઈએ.

એટલે લાગણી પણ limitમાં રાખવી જોઈએ. નહીં તો **unlimited લાગણી ભવિષ્યમાં તમારા unlimited દુઃખનું કારણ બની જશે.**

તમારે તમારી લાગણીને express train જેવી બનાવવી જોઈએ. જેમ express train નાનાં-નાનાં સ્ટેશનો પર ઊભી ન રહે એમ નાની-નાની વાતો કે નાની-નાની ઘટનાઓને વાગોળીને દુઃખી ન થવાય.

ખબર જ છે કે જે જોડાય છે એ છૂટું પડવાનું જ છે.

જ્યારે આ જીવનયાત્રામાં કોઈ આપણાથી છૂટું પડે ત્યારે એક મંત્ર અંતરમાં ઘૂંટીને રાખજો કે જે છૂટું પડે છે તે ક્યારેય આપણું ન હોય અને જે આપણું હોય તે ક્યારેય છૂટું ન પડે.

આજે જે મારી સાથે થઈ રહ્યું છે એ ભૂતકાળમાં મેં જે બીજા સાથે કર્યું છે એ જ છે. મેં પણ કોઈને અધવચ્ચે છોડ્યા હશે માટે તે મને છોડી રહ્યા છે. કોઈ પણ પરિસ્થિતિમાં જો તમારે upset ન થવું હોય તો પોતાની selfને સત્યની સમજથી upgrade કરો.

માટે જ, ભૂતકાળને માત્ર જોવાનો હોય અને ભવિષ્યને

બનાવવાનું હોય.

ભૂતકાળ આપણા હાથમાં નથી, પણ ભવિષ્ય તો આપણા હાથમાં છે. એટલે ભૂતકાળનો સમભાવે સ્વીકાર કરવો જોઈએ અને ભૂતકાળની ભૂલોમાંથી શીખવું જોઈએ, શીખીને સુધરવું જોઈએ.

ભૂતકાળની reel વર્તમાનમાં ચાલી રહી છે અને વર્તમાનમાં જે reel બનશે એ જ મારું ભવિષ્ય બનશે.

મને જે મળે છે એ મારા ભૂતકાળના આધારે મળે છે. અત્યારે જે મારું વર્તન હશે એ જ મારું ભવિષ્ય હશે. માટે જો હું આજે કોઈને દુઃખી નહીં કરું તો ભવિષ્યમાં કોઈ મારી લાગણીને અવગણીને મને દુઃખી નહીં કરે.

વાસ્તવિકતામાં હું એકલો છું, એકલો આવ્યો છું અને એકલો જ જવાનો છું. મને અત્યારે જે relations મળ્યાં છે એ તો trainના passengers જેવા છે. જ્યાં સુધી મારું station નથી આવ્યું ત્યાં સુધીનો તેમનો સાથ છે. જેવું મારું મોતનું station આવશે એટલે મારે એકલા જ ઊતરવાનું છે. આ બધા તો temporary છે. જે temporary છે તેમના માટે મારે શા માટે મારું temperature ગુમાવવું જોઈએ? શા માટે બધા સાથે સ્નેહથી ન રહેવું જોઈએ?

કારણ કે નિયમ તો એ જ છે કે હું પ્રેમ આપીશ તો મને પ્રેમ મળશે.

Life હોય કે લાગણી, એક દિવસ તો fuse ઊડવાનો જ છે.

જેમની પાસે આ સમજ છે, જેમનું મન આ સમજ સાથે prepared છે તેમની lifeમાં લાગણીનો fuse ઊડ્યા પછી અંધારું થતું નથી, કેમ કે તેમને ખબર જ હોય છે કે lifeની જેમ લાગણીનો fuse પણ ગમે ત્યારે ઊડી શકે છે.

વિશ્વાસ રાખો, આ સમજ તમને મુશ્કેલમાં મુશ્કેલ પરિસ્થિતિમાં પણ સ્થિર રાખશે, તમને સદાય સુખી રાખશે.

“

જેમ Lifeનો
Fuse ઊડે
એમ લાગણીનો
fuse પણ
ઊડી શકે છે.

Unlimited
લાગણી
ભવિષ્યમાં તમારા
Unlimited
દુઃખનું કારણ
બની જશે.

”

?

કહેવાય છે કે સુખ અંતે દુઃખનું કારણ બને છે, તો મળેલું સુખ દુઃખમાં પરિવર્તિત ન થાય એ માટે શું કરવું જોઈએ ?

12

હરએક વ્યક્તિના મનની ઝંખના હોય છે સુખ અને હરએક વ્યક્તિ સુખને પ્રાપ્ત કરવા રાત-દિવસ દોડે છે.

પરંતુ દુનિયાનું એક પણ સુખ એવું નથી જેના પછી દુઃખ ન આવ્યું હોય. સુખ પછી દુઃખ આવે, આવે ને આવે જ. તમે નવો mobile લીધો. એને જોઈ-જોઈને તમે ખુશ થાઓ છો, સુખી થાઓ છો. અચાનક એ mobile બગડી ગયો. અત્યાર સુધી લાગતું સુખ અંતે તો દુઃખનું જ કારણ બની ગયું. તો પછી સુખની પાછળ દોડવાવાળી વ્યક્તિ સુખી થાય કે દુઃખી થાય? દરેક વ્યક્તિને સુખી થવું છે, પણ યાદ રાખવું કે **સુખી થનારો દુઃખી થયા વિના રહેતો જ નથી.**

પ્રશ્ન એ થાય છે કે પૂર્વભવનાં સત્કર્મોના કારણે અત્યારે good luck છે અને good luckના કારણે સુખ મળી ગયું છે, તો આ સુખ દુઃખમાં convert ન થાય એ માટે શું કરવું જોઈએ?

આપણે સતત સાવધાની રાખવી જોઈએ કે પ્રાપ્ત સુખમાં આસક્ત ન થવું જોઈએ અને સુખને અલિપ્ત ભાવથી ભોગવવું જોઈએ. અનાસક્તિ અને અલિપ્તતા ત્યારે જ આવે છે જ્યારે પોતાનું સુખ અન્યને આપવાનો પુરુષાર્થ શરૂ થાય.

જ્ઞાની હંમેશાં સુખ આપવાનો પ્રયત્ન કરે, અજ્ઞાની સ્વયં સુખને ભોગવવાનો પ્રયત્ન કરે.

આજ સુધી મળનારા દરેક સુખને કોઈને આપવાનો વિચાર પહેલા આવ્યો છે કે સ્વયં ભોગવવાનો વિચાર આવ્યો છે?

સુખને ભોગવતી વખતે જો આપણે બીજાના દુઃખનો વિચાર કરીએ તો આપણું સુખ ક્યારેય દુઃખમાં convert ન થાય.

પહેલાંનો યુગ હતો, એ યુગની પરંપરામાં સંસ્કાર હતા કે સુખને ભોગવતાં પહેલાં સુખને વહેંચવું.

જેમ કે ખેડૂત તેના ખેતરમાં ઊગેલા પાકને ઘરે લાવતાં પહેલાં શું કરે? એ પાકના ભાગ કરે. એક ભાગ ગરીબોને આપે અને એક ભાગ કાઢે પંખીઓ માટે અને પછી જે વધે એ ઘરે પરિવાર માટે લાવે.

જે પોતાના ભાગમાં અન્યને ભાગીદાર બનાવે છે એનું ક્યારેય ઘટતું નથી.

જો તમે તમારા સુખના સમયે બીજાના દુઃખનો વિચાર કરી પોતાના સુખને વહેંચો છો તો તમારું સુખ ક્યારેય ઘટતું નથી, પણ જો તમે માત્ર તમારા જ સુખનો વિચાર કરો છો તો યાદ રાખજો કે આ પુણ્ય ક્યારે પૂરાં થઈ જશે ખબર જ નહીં પડે.

વિચાર કરો, તમારો અનુભવ શું કહે છે? તમારાં પુણ્ય વધી રહ્યાં છે કે ઘટી રહ્યાં છે?

આ જગતમાં કેટલાક લોકો એવા હોય છે, જેવા શરૂઆતમાં હોય તેવા જ અંત સુધી હોય. તો કેટલાક સાવ સાધારણમાંથી અબજોપતિ બની ગયા હોય અને કેટલાક શેઠમાંથી સામાન્ય બની ગયા હોય. આમાંથી તમારો નંબર શેમાં છે? દિવસે-દિવસે તમારી સમૃદ્ધિ ઘટી રહી છે કે વધી રહી છે?

પહેલાંના યુગમાં વ્યક્તિ ઘરની બહાર નીકળે ત્યારે ગાય-કૂતરા માટે રોટલી અને કીડી માટે લોટ-ગોળ લઈને નીકળે. જેમના ઘરમાં અન્યને જમાડવાનો રિવાજ હોય તેમના ઘરના ડબ્બામાં લોટ ક્યારેય તળિયે પહોંચે નહીં.

એ સમયે કોઈના ઘરમાં આજની જેમ ગણી-ગણીને રોટલીઓ નહોતી બનતી. ગમે ત્યારે ગમે તે અતિથિ આવે, ઘરનાં દ્વાર અને મનનાં દ્વાર ખુલ્લાં જ હોય. ધર્મસ્થાનકમાં કોઈ આવે તો પણ સંઘ પ્રમુખ તૈયાર જ હોય. પોતાના ઘરે લઈ જાય અને પ્રેમથી જમાડે, અતિથિનો સત્કાર કરે. કોઈ પણ સંત-સતીજી પધારે તો પણ દરેકના ઘરનાં દ્વાર ખુલ્લાં જ હોય અને વ્યવસ્થા પણ હોય.

વ્યક્તિ જ્યારે અન્યની અનુકૂળતાનો વિચાર કરે છે, અન્યને અનુકૂળતા આપે છે ત્યારે automatic તેને પણ અનુકૂળતા મળી જ જાય છે.

માનો કે બે દિવસથી ધોધમાર વરસાદ વરસતો હોય, તમે તમારા ઘરમાં સુરક્ષિત છો. તમને ત્રણે time ખાવાનું મળે છે.

એ સમયે ક્યારેય તમને વિચાર આવ્યો છે કે ઘર વિનાના, ઝૂંપડી વિનાના, ફૂટપાથ પર જીવતા ગરીબોનું, તેમનાં નાનાં બાળકોનું શું થતું હશે? તેમને કોણ ખાવાનું આપતું હશે? મૂંગાં પશુઓનું શું થતું હશે? પંખીઓની હાલત દાણા વિના કેવી હશે? ક્યારેય આવ્યો છે આવો વિચાર? વિચાર જ ન આવ્યો હોય તો એમને ભોજન પહોંચાડવાની વાત જ ક્યાં આવે?

અન્યને અનુકૂળતા આપવાથી તમને માત્ર અનુકૂળતા જ નથી મળતી, બીજાને પણ લાભ મળે છે. માનો કે તમે કોઈને અનુકૂળતા આપી એટલે તેને જે પ્રતિકૂળતા આવવાની હતી એ દૂર થઈ ગઈ. તમે કોઈને ભોજન જમાડ્યું, કોઈ સાધર્મિક પરિવારને સહાય કરી એટલે તે વ્યક્તિ કદાચ પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરવા જે ખોટું કાર્ય કરવાની હતી, ચોરી કે ખૂન કરવાની હતી એનાથી તે અટકી ગઈ. એ વ્યક્તિ ઘોર અપરાધ કરતાં અટકી ગઈ એનો લાભ પણ તમને જ મળે.

તમને સામાન્ય લાગતું એક સત્કાર્ય બીજાને દુષ્કૃત્ય કરતાં અટકાવી શકે છે. એટલે વિશ્વાસ રાખજો કે જો તમારું સુખ અન્યને સુખી કરી શકે તો એ સુખ ક્યારેય દુઃખમાં પરિવર્તિત નહીં થાય.

“

સુખી થનારો

દુ:ખી થયા

વિના રહેતો

જ નથી.

સુખને ભોગવતી

વખતે જો આપણે

બીજાના દુ:ખનો

વિચાર કરીએ

તો આપણું સુખ

ક્યારેય દુ:ખમાં

convert ન થાય.

”

?

આ વિશ્વમાં માનવજાતિએ મંત્રને અગત્યનું સ્થાન આપ્યું છે. વિવિધ-વિવિધ રૂપમાં બધા ધર્મોએ પણ મંત્રને મહત્ત્વ આપ્યું છે, પણ actualમાં મંત્ર શું હોય? મંત્રસાધના કોને કહેવાય? મંત્ર કરવા પાછળનું રહસ્ય શું છે?

/13

મંત્ર એક એવો શબ્દ, એક એવો વિષય છે જ્યાં તમામ માનવજાતિ એક થઈ જાય છે. કોઈ પણ ધર્મના, કોઈ પણ જ્ઞાતિના ભાવિકો હોય, દરેકમાં મંત્રનું એક અગત્યનું સ્થાન જોવા મળે છે.

મંત્ર એક એવું તત્ત્વ છે જે સર્વત્ર છે અને જે સર્વત્ર હોય એ સદાય શ્રેષ્ઠ જ હોય છે.

માટે જ મંત્રોની શ્રેષ્ઠતા, મંત્રોની સિદ્ધિ આજકાલની નથી. મંત્રોની સિદ્ધિ ત્યારથી છે જ્યારથી શબ્દો છે. મંત્રોમાં પણ શબ્દો જ સમાયેલા છે. મંત્ર પણ શબ્દોથી જ બનેલા છે. છતાં મંત્ર અને શબ્દોમાં બહુ મોટો ફરક હોય છે.

જેમાં બોલવાનું વધારે હોય અને સમજ ઓછી હોય એ શબ્દો કહેવાય અને જેમાં બોલવાનું ઓછું હોય અને સમજ વધારે હોય એ મંત્ર કહેવાય.

મંત્ર એ શબ્દોના સંયોજન અને આત્મસત્ત્વથી સર્જાયેલી positive અને powerful શક્તિ છે.

જ્યારે શબ્દોથી મૈત્રી થાય અને એ મૈત્રી થયેલા શબ્દોમાં જ્યારે આત્માનું સત્ત્વ ભળે ત્યારે જે પ્રગટ થાય, જે સર્જાય એને 'મંત્ર' કહેવાય.

શબ્દો જ્યારે બોલાય છે ત્યારે એમાં માત્ર કંઠની ઊર્જા ભળેલી હોય છે. મંત્ર જ્યારે પ્રગટ થાય છે ત્યારે એમાં સમસ્ત અસ્તિત્વની ઊર્જા ભળેલી હોય છે.

શબ્દો સામાન્ય હોય છે, જ્યારે મંત્રોમાં સત્ય અને આત્મસત્ત્વ ભળેલાં હોય છે. મંત્ર સાથે વિશ્વશક્તિ જોડાયેલી હોય છે. સામાન્યથી શ્રેષ્ઠ દરેક વ્યક્તિ મંત્રનો યોગ અને ઉપયોગ કરી શકે છે.

મંત્ર માત્ર શાસ્ત્રોમાં જ નથી હોતા. મંત્રો સત્ય અને સત્ત્વમાંથી પણ પ્રગટી શકે છે.

મહાત્મા ગાંધીજીના મુખમાંથી નીકળેલા શબ્દો 'Quit India'માં ગાંધીજીનું સત્ત્વ અને સત્ય બન્ને ભળેલાં હતાં અને એથી વિશ્વશક્તિ પણ એમાં જોડાઈ ગઈ અને એ શબ્દ માત્ર ગાંધીજીના જીવનનો જ નહીં, સમસ્ત ભારતના કરોડો-કરોડો લોકોનો જીવનમંત્ર બની ગયો.

જે શબ્દો અત્ર, તત્ર અને સર્વત્ર પોતાનો પ્રભાવ પાથરી શકે એ શબ્દો મંત્ર બની જાય.

મંત્રનો પ્રભાવ ત્યારે જ અનુભવાય જ્યારે ઇન્દ્રિયો શૂન્ય થઈ જાય. જ્યારે ઇન્દ્રિયો શૂન્ય થાય છે ત્યારે જ મંત્રશક્તિની અસર અનુભવાય છે.

કોઈ પણ મંત્ર જ્યાં સુધી માત્ર કાનથી સંભળાય છે ત્યાં સુધી એ શબ્દોનું શ્રવણ જ રહે છે. જ્યારે ઇન્દ્રિયો શૂન્ય થઈ જાય છે અને અસ્તિત્વ ભળી જાય છે ત્યારે **મંત્રશક્તિના પ્રભાવથી**

આત્મા vibrate થાય છે અને ત્યારે મંત્રનો પ્રભાવ અનુભવાય છે, ત્યારે જ મંત્રનું મહત્ત્વ સમજાય છે.

એવી જ રીતે કોઈ પણ મંત્રોચ્ચાર વખતે જ્યારે એ શબ્દો નાભિમાંથી નીકળે છે અને એ શબ્દોમાં જ્યારે અસ્તિત્વ જોડાઈ જાય છે, હૃદયનો અહોભાવ ભળી જાય છે અને પછી જે અંતરમાંથી પ્રગટ થાય છે એ બ્રહ્મનાદ હોય છે, એ બ્રહ્મધ્વનિ હોય છે અને એના પરમાણુઓ સંપૂર્ણ વિશ્વમાં ફેલાઈ જાય છે.

જેમ એક નાનકડું બાળક ઉવાં-ઉવાં કરીને રડે છે ત્યારે તેનું સમસ્ત અસ્તિત્વ એ રડવાની ક્રિયામાં જોડાયેલું હોય છે અને એ નાનકડા બાળકના નાનકડા અવાજને તેની માતા દૂર હોય તો પણ સાંભળી શકે છે અને feel પણ કરી શકે છે એમ એક ભક્તના હૃદયમાંથી નીકળેલો મંત્રધ્વનિ પરમાત્મા સુધી પહોંચી શકે છે અને પરમાત્માની ભક્તિમાં લીન અનેક દિવ્ય તત્ત્વોની કૃપાનો અનુભવ તે એના વર્તમાન જીવનમાં અનુભવી શકે છે.

જે વ્યક્તિના જીવનમાં મંત્રનું સ્થાન છે, મંત્ર પ્રત્યે શ્રદ્ધા છે અને અંતર અસ્તિત્વથી એનું સ્મરણ અને સ્તુતિ કરે છે તે વ્યક્તિ જીવનમાં અલગ-અલગ ક્ષેત્રમાં, અલગ-અલગ પ્રકારે મંત્રના પ્રભાવને અનુભવતી જ હોય છે.

જેમ દેહની શક્તિ માટે ભોજન હોય છે એમ આત્માના સામર્થ્ય માટે મંત્ર હોય છે.

જે તમારી શક્તિ પ્રગટ કરાવે એ ભોજન હોય, જે તમારું સામર્થ્ય પ્રગટ કરાવે એ મંત્ર હોય.

જીવનમાં શક્તિની વધારે જરૂર પડે કે સામર્થ્યની?

શક્તિ તો ઘણા લોકો પાસે હોય અને ઘણા લોકો પોતાની શક્તિને સૂવામાં, વાતો કરવામાં વગેરેમાં વાપરતા હોય છે, જ્યારે સામર્થ્ય બહુ ઓછા લોકો પાસે હોય અને એ સામર્થ્ય ક્યારેય સૂવા કે વાતો કરવામાં ન વપરાતું હોય. એ સામર્થ્ય હિત, શ્રેય અને કલ્યાણ માટે વપરાતું હોય છે. સામર્થ્યવાળી વ્યક્તિના પ્રત્યેક શબ્દમાં સત્ત્વ અને સત્ય પ્રગટ થતું હોય છે. માટે જ શાસ્ત્રોમાં આવી વ્યક્તિ માટે 'વચનસિદ્ધ' શબ્દ વપરાયો છે. **સામર્થ્યવાન વ્યક્તિ જે બોલે એવું થાય, જે વિચારે એ થાય.** આવી વચનસિદ્ધિ પ્રાગટ્યની ક્ષમતા મંત્રમાં હોય છે.

સામર્થ્ય એનું જ પ્રગટ થાય છે જે શરીર હિતકારી તંત્ર કરતાં આત્મહિતકારી મંત્રને વધુ મહત્ત્વ આપે છે.

જેમની પાસે મંત્રશક્તિ હોય તેઓ સો વર્ષે પણ યુવાન જેવી શક્તિ ધરાવતા હોય. તેમનું સ્મિત અને તેમની પ્રસન્નતા બધા કરતાં અલગ જ હોય.

એવું કેવી રીતે થાય?

મંત્રના શબ્દો સમસ્ત અસ્તિત્વમાંથી નીકળતા હોય છે અને સમસ્ત અસ્તિત્વનું connection હૃદય સાથે હોય છે. **હૃદયમાંથી નીકળતા મંત્રની અસરમાં એક સ્પષ્ટતા હોય, સચ્ચાઈ હોય, વિશ્વાસ હોય અને માટે જ એનો પ્રભાવ પ્રસન્નતા પ્રસરાવે.**

પહેલાંનો યુગ હતો જ્યારે સવાર પડતાં જ ઘર-ઘરમાં મંત્રનો ધ્વનિ ગુંજવા લાગતો. અર્થાત્ ઘર-ઘરમાં અલ્પાહાર પછી થાય પણ એ પહેલા મંત્રાહાર થાય અને એ મંત્રોના સ્મરણ અને શ્રવણના કારણે લોકોનું સત્ત્વ ખીલેલું રહેતું. લોકોનો આવેશ અને આક્રોશ શાંત થઈ જતા. પારણામાં સૂતેલા બાળકને પણ મંત્રોનાં vibrations સાંભળવા મળતાં.

રાજા-મહારાજાથી લઈને સામાન્ય પ્રજા સુધી સૌ માટે મંત્રનું મહત્ત્વ વધારે હતું અને એ મંત્રની અસરના કારણે વ્યક્તિની જીવનશૈલી, વાણી, વ્યવહાર અને વર્તનમાં સરળતા, સત્યતા અને નિખાલસતા હતી. મંત્ર પ્રત્યેની શ્રદ્ધા અને સતત સ્મરણના કારણે વ્યક્તિની aura પણ શુદ્ધ અને શુભ થઈ જતી. આવી શુદ્ધ અને શુભ auraવાળી વ્યક્તિ જ્યાં પણ જાય ત્યાં તેને માન-સન્માન અને આદર-સત્કાર મળતાં. **વગર ઓળખાણે પણ જેને આવકાર મળે એ મંત્રનો પ્રભાવ કહેવાય. મંત્ર-આરાધકો સર્વના પ્રીતિપાત્ર બનતા.**

મંત્રોની positive energyના કારણે વ્યક્તિમાં ધીરતા અને ગંભીરતા આવતી, ગમે તેવી પરિસ્થિતિમાં સહન કરવાની ક્ષમતા આવતી.

મંત્રનો પ્રભાવ માત્ર તન પર જ નહીં, મન પર પણ પડવાના કારણે વ્યક્તિ ગમે એવી વિકટ પરિસ્થિતિમાં શાંત રહી શકતી અને યોગ્ય માર્ગ પણ કાઢી શકતી, ગમે તેવી સ્થિતિનો સ્વીકાર કરીને સમભાવે સહન કરી શકતી. એટલે જ એ યુગમાં 'depression' જેવા શબ્દ કે રોગની કોઈને જાણ નહોતી.

મંત્રો માત્ર શાસ્ત્રોમાંથી નહીં, સત્ત્વમાંથી પ્રગટ થાય છે. મંત્ર જન્મોજન્મની memories અને સાધનામાંથી પ્રગટ થાય છે. સાધનામાંથી પ્રગટ થયેલો અને આત્મસાત્ કરેલો મંત્ર માત્ર સ્વયંને જ નહીં, સર્વને લાભદાયી નીવડે છે.

શબ્દોમાં તો ક્યારેક સ્વાર્થ પણ ભળી શકે છે, જ્યારે મંત્રમાં હંમેશાં સર્વના હિત, શ્રેય અને કલ્યાણની જ ભાવના હોય છે.

જે દિવસે lifeમાં નિઃસ્વાર્થતા આવી જશે એ દિવસથી દરેક દિવસ સુખનો દિવસ બની જશે.

પોતાના જ સુખનો વિચાર એ સ્વાર્થ કહેવાય છે, સહુના સુખનો વિચાર એ નિઃસ્વાર્થતા કહેવાય છે.

જે દિવસે અંદરથી નિઃસ્વાર્થતાનો મંત્ર ગુંજવા લાગશે એ દિવસથી બધા problem solve થવા લાગશે. **એકવાર જે નિઃસ્વાર્થતાના મંત્રને ઘૂંટી લે છે તેનો સંઘર્ષ શાંતિમાં પરિવર્તિત થઈ જાય છે, તેની સમસ્યાનું સમાધાન આવવા લાગે છે.**

જે દિવસે lifeમાંથી 'હું, મને અને મારું' જેવા શબ્દોનું મૃત્યુ થાય છે અને પછી હૃદયમાંથી જે પ્રગટ થાય છે એ મંત્ર કહેવાય. જે દિવસે આ મંત્ર પ્રગટ થઈ જાય છે એ દિવસથી સુખ, શાંતિ, સમૃદ્ધિ, સત્કાર, સન્માન, સગવડ, અનુકૂળતા બધું જ સામે ચાલીને આવવા લાગે છે.

જ્યાં સુધી તમારા મનમાં તમારા જ સુખનો વિચાર હશે ત્યાં સુધી સુખ તમારાથી દૂર રહેશે. જે દિવસે તમારા મનમાં સહુના સુખનો વિચાર આવશે એ દિવસથી સુખ તમારો પડછાયો બની જશે.

જે દિવસે તમારા કાર્યમાંથી સ્વાર્થ ઘટવા લાગશે એ દિવસે સફળતા તમારા હાથમાં આવી જશે.

નિઃસ્વાર્થતા એક એવો મંત્ર છે જે તમારી practical life પર અલગ જ પ્રભાવ પાડે છે.

દરરોજ ત્રણ મિનિટ તમારા ગમતા અને શ્રદ્ધાપાત્ર મંત્રની પાછળ વિતાવવી જોઈએ અને કલાકો સુધી એ મંત્રના પ્રભાવને

અનુભવવો જોઈએ. મંત્રનો પ્રભાવ પ્રતિપળ positive અને પ્રસન્ન રાખે છે. મંત્રના પ્રભાવથી ચહેરા પર સદાય સ્મિત રહે છે.

મંત્ર-આરાધક વ્યક્તિના ચહેરા પર સ્મિત હોય, શબ્દોમાં મિત હોય અને તેનું જીવન પરિમિત હોય.

દરરોજ ત્રણ મિનિટ માટેનું મંત્રસ્મરણ ભાવોને positive કરે છે અને કર્મોનો ક્ષય કરે છે, જેની અસર આખો દિવસ અનુભવાય છે. મંત્રની શક્તિનો અને મંત્રનાં સ્પંદનોનો અનુભવ કર્યા પછી મંત્રના ફળ પર વિશ્વાસ કરવો નહીં પડે, પણ સહજતાથી થઈ જશે.

“

મંત્ર એક એવું
તત્ત્વ છે જે
સર્વત્ર છે અને જે
સર્વત્ર હોય એ
સદાય શ્રેષ્ઠ
જ હોય છે.

મંત્ર-આરાધક
વ્યક્તિના ચહેરા
પર સ્મિત હોય,
શબ્દોમાં મિત હોય
અને તેનું જીવન પરિમિત
હોય.

”

14

Lifeમાં સફળતા મેળવવી ક્યારેક easy હોય છે, પણ સફળતાની ટોચે પહોંચ્યા પછી સફળતાને ટકાવવી કઈ રીતે? Successને maintain કઈ રીતે કરવી?

તમે અનેકવાર તમારી નજર સામે જ એવા કેટલાય સંપત્તિવાન જોયા હશે જે દર મહિને પાંચ-દસ લાખનું donation આપતા હોય અને અચાનક તેમની પરિસ્થિતિ બદલાઈ જાય અને અત્યારે તેમને પોતાને કોઈ સાધર્મિકની સહાય પર જીવનનિર્વાહ કરવો પડતો હોય.

અચાનક આવું બનવાનું કારણ શું હશે?

કેટલાય એવા વિદ્યાર્થીઓ હોય છે જેમને પરીક્ષામાં 90% marks આવ્યા હોય અને આવીને મમ્મીને કહે, "જો મમ્મી, તું કહેતી હતીને કે પરીક્ષામાં હું શું કરીશ, પણ જો હું 90% marks લઈ આવ્યો. મારામાં પણ ભણવાની capacity છે, marks લાવવાની capacity છે." સફળતા પ્રાપ્ત કર્યા બાદ જો એ **સફળતાની સ્વયંની capacityનો અહંકાર કરવામાં આવે, capacityની સીટી વગાડવામાં આવે ત્યારે એ સફળતા ટકતી જ નથી.**

જેવી ભણવાની capacityની સીટી વગાડી એટલે આવતી પરીક્ષામાં એના marks ઓછા થઈ જવાના.

મોટા ભાગની વ્યક્તિઓ હંમેશાં પોતાની નાનામાં નાની capacityની પણ સીટી વગાડતી હોય છે. કોઈ પોતાની artની તો કોઈ પોતાની આવડતની, કોઈ પોતાની સત્તાની તો કોઈ પોતાની સંપત્તિની, કોઈ પોતાની કૃતિની તો કોઈ પોતાની ક્ષમતાની, જેની પાસે જે હોય એની સીટી વગાડતા હોય છે.

શું આ યોગ્ય છે કે નહીં?

આજ સુધી જેટલી પણ વ્યક્તિઓએ પોતાની capacityની સીટી વગાડી છે, તેમની capacity અવશ્ય ઘટી છે.

ઘરમાં દેરાણી અને જેઠાણી હોય. એમાં દેરાણીની રસોઈ સામાન્ય બનતી હોય અને જેઠાણીની એકદમ સ્વાદિષ્ટ બનતી હોય ત્યારે જેઠાણી શેની સીટી વગાડતાં હોય? અરે, મારા જેવી રસોઈ તો કોઈને બનાવતાં ન આવડે.

ઘણા બહેનોને પણ અનુભવ થયો હોય છે કે તેમણે જે દિવસે પોતાના અથાણાનાં વખાણ કર્યાં હોય, બીજા દિવસે એ અથાણાની બરણીમાં ફૂગ થઈ ગઈ હોય.

યાદ રાખવા જેવું છે,

જે પોતાની capacityની સીટી વગાડે છે તેને કર્મોની સોટી ખાવી પડે છે. જે પોતાની capacityની સીટી નથી વગાડતા તેમને ક્યારેય કર્મોની સોટી નથી ખાવી પડતી.

જે વ્યક્તિને પોતાની જાતિ, કુલ, બળ, રૂપ, તપ, સૂત્ર, લાભ અને ઐશ્વર્ય માટે અહંકાર આવે છે તેને નીચ ગોત્ર કર્મનો બંધ થાય છે અને જેવો નીચ ગોત્ર કર્મનો બંધ થાય એટલે એક મુહૂર્તમાં, 48 મિનિટમાં જ એની અસર જણાવા લાગે છે. 48 મિનિટમાં અહંકારનું પરિણામ આવવા લાગે છે.

તમે mark કરજો, જ્યારે તમે કોઈ શ્રેષ્ઠતાનું સર્જન કરતા હો, એ સર્જન પૂર્ણ થવાની તૈયારીમાં હોય અને તમને મનમાં થાય કે વાહ, મેં કેટલું શ્રેષ્ઠ સર્જન કર્યું છે અથવા કોઈ તમને આવીને કહે કે તમારા જેવું શ્રેષ્ઠ સર્જન તો ભાગ્યે જ કોઈ કરી શકે અને તમને એનો અહમ્ આવી જાય એટલે તરત 48 મિનિટમાં કોઈ ને કોઈ વિઘ્ન આવી જશે અને તમે તમારું સર્જન જે પૂર્ણ થવા પર હતું એને પૂર્ણ નહીં કરી શકો.

શું ભગવાને ક્યારેય એમ કહ્યું કે મારા જેવું જ્ઞાન આખા વિશ્વમાં કોઈની પાસે નથી, મારા જેવી પ્રજ્ઞા કોઈની હતી નહીં અને કોઈની હશે નહીં. ના.

ભગવાને તો કહ્યું કે મારા પહેલાં પણ અનંત તીર્થંકર પરમાત્મા થઈ ગયા છે, જેમની પાસે મારા જેટલું જ જ્ઞાન હતું, મારા જેવી જ પ્રજ્ઞા હતી અને મારા પછી પણ અનંત તીર્થંકર પરમાત્મા થશે જેમને પણ મારા જેવું જ જ્ઞાન અને મારા જેવી જ પ્રજ્ઞાનું પ્રાગટ્ય થશે.

તમે શું કરો છો? થોડુંક કંઈક આવડી ગયું, થોડુંક કંઈક સારું બની ગયું એટલે તરત જ start થઈ જાવ, મારા જેવું કોઈને આવડે નહીં, મારું સર્જન શ્રેષ્ઠ છે.

માનો કે તમે કોઈ painting બનાવ્યું અને માનો કે એ paintingને પ્રથમ ઇનામ મળ્યું એટલે તરત જ તમારું અભિમાન

બહાર આવશે, તમારા અહંની સીટી વાગવા લાગશે કે મારું painting શ્રેષ્ઠ છે, best છે, એને 1st prize મળ્યું છે. પણ યાદ રાખજો, આ જગતમાં તમારાથી પણ best paintings બનાવનારા અનેક કલાકારો થઈ ગયા છે અને ભવિષ્યમાં અનેક થશે.

ક્યારેય capacityની સીટી વગાડવી નહીં. તમારી પોતાની આર્થિક capacity હોય, આધ્યાત્મિક capacity હોય, artની capacity હોય, સૌંદર્યની capacity હોય, જ્ઞાનની capacity હોય, આવડતની capacity હોય, સ્વચ્છતાની capacity હોય, જે પણ capacity હોય, ક્યારેય એનો અહંકાર કરવો નહીં, ક્યારેય એની સીટી વગાડવી નહીં.

જે capacityની સીટી વગાડે છે એની capacity down થઈ જાય છે અને ફરી એ capacity પ્રાપ્ત થતી નથી.

Capacityની સીટી વગાડવાની વૃત્તિને મૂળમાંથી કાઢવાનો પુરુષાર્થ કરવો જોઈએ, તો જ તમારી successને તમે maintain કરી શકશો.

માનો કે પિતા વર્ષોથી business કરતા હોય, દીકરો નવો-નવો businessમાં join થાય અને દીકરો પિતાને કોઈ નવી business deal કરવા કહે, તો પિતાનું પહેલું વાક્ય શું હોય? હા, હા, deal કરવી જોઈએ એમ હોય કે ના, ના, તને હજી આ બધું ન સમજાય, ન ફાવે એમ હોય?

પિતા કહે, હજી તું કાલનો આવ્યો છે, તને શું ખબર પડે? કોઈ ભૂલ કરીશ અને ખોટો loss થશે. તમારે સામેવાળાની capacityને down કરવી જોઈએ કે એને appreciate કરવી જોઈએ?

પિતાએ કહેવું જોઈએ કે ભલે, એકવાર તું કહે છે એ પણ કરી જોઈએ.

બે વાક્યો કાયમ યાદ રાખવા,

પોતાની capacityની ક્યારેય સીટી વગાડવી નહીં અને બીજાની capacityને under estimate કરીને down કરવી નહીં.

બની શકે કે દીકરો પિતા કરતાં વધારે સારી deal કરે, વધારે profit કરે. બધાને પોતાની capacityને બહાર લાવવાની તક આપવી જોઈએ.

તમને જે આવડી ગયું છે એ બીજાને શીખવવું જોઈએ કે તેની capacity down કરવી જોઈએ? બીજાનો જુસ્સો વધારવો જોઈએ કે તેના પર ગુસ્સો કરવો જોઈએ?

ઘણાં વડીલ ભાઈઓ-બહેનો કહેતાં હોય છે કે હવે બધું સાવ ભુલાઈ જાય છે. નાની-નાની વાતો યાદ રહેતી નથી. બહુ try કરીએ છીએ, પણ કંઈ યાદ રહેતું નથી. તેમણે યાદ એટલા

માટે નથી રહેતું, કેમ કે ક્યાંક ને ક્યાંક તેમને જે આવડતું હતું, તેમની પાસે જે જ્ઞાનનો અનુભવ હતો એનો તેમણે અહંકાર કર્યો હશે, ક્યારેક કોઈને જ્ઞાનની સમજ આપીને, બીજાને કહીને અહંકાર કર્યો હશે, સામાયિક-પ્રતિક્રમણ શીખવ્યું હશે ત્યારે બીજાને કહીને અહમ્ કર્યો હશે.

તમે જ્યારે જ્ઞાનદાન કે અન્ય કોઈ પણ પ્રકારનું દાન કરો છો ત્યારે એ બધાને જણાવવું જોઈએ કે કોઈને ખબર પણ ન પડવી જોઈએ?

ઘણા બહેનોની આદત હોય, આડોશ-પાડોશમાં કે સગાંમાં કોઈ સાધારણ સ્થિતિનો પરિવાર હોય અને તેના ઘરે કોઈ પ્રસંગ હોય ત્યારે પહેલાં તો કહે, તમે મારી જ સાડી અને દાગીના પહેરવા લઈ જજો અને પહેરવા આપે પણ ખરાં અને પછી જ્યારે પ્રસંગમાં તે બહેન એ બધું પહેરીને આવ્યાં હોય ત્યારે એક-એક વ્યક્તિને જઈને કહે, જો તેણે મારી સાડી અને દાગીના પહેર્યાં છે.

જો તમારે તમે કરેલી સહાયની સીટી જ વગાડવી હતી તો સહાય કરી જ કેમ? તે બહેનને શરમજનક સ્થિતિમાં શા માટે મૂક્યાં?

જગતમાં બે પ્રકારની વ્યક્તિઓ હોય છે. એકમાં દૃઢ આત્મવિશ્વાસ હોય છે કે હું આ કરીશ, મારાથી આ થશે જ અને મારે આ કરવું જ છે. જેનામાં આવો આત્મવિશ્વાસ હોય છે તેમની

capacity બહાર આવ્યા વિના રહેતી નથી. ઘણા એવા હોય છે જે પહેલેથી જ કહેતા હોય કે ના, મારાથી આ નહીં થાય, હું આ નહીં કરી શકું, મારે આ નથી કરવું. આવી વ્યક્તિમાં capacity હોવા છતાં તેમની capacity બહાર આવતી નથી.

જે પોતાની capacityને બહાર લાવીને પછી એનું અભિમાન કરે કે મારા જેવું તો કોઈ બનાવી જ ન શકે, મારા જેવું કોઈને આવડે નહીં, તેમની capacity down થતાં જરા પણ વાર લાગતી નથી.

તમને કદાચ કોઈ પદ મળે છે, કોઈ સગવડ મળે છે, કોઈ સંપત્તિ મળે છે, કોઈ માન-સન્માન મળે છે, કોઈ સ્થિતિ કે કોઈ સ્થાન મળે છે, જે કંઈ મળે છે એ કોઈ આપે છે કે તમારું જ આપેલું તમને મળે છે?

તમને જે મળે છે એ તમારા ભૂતકાળની કરેલી ક્રિયા અનુસાર જ મળે છે. તમારી ભૂતકાળની actions એ જ તમારા વર્તમાનકાળનાં reactions છે. છતાં જેમની પાસે જે capacity હોય છે, તેઓ એની સીટી વગાડતા હોય છે.

જે capacityની સીટી વગાડે, ક્ષમતાનો અહમ્ કરે તેની ક્ષમતા તો ઘટી જાય, પણ જેમની capacity હોય અને તે પ્રમાદ કરે તો પણ તેની capacity down થઈ જાય.

એક વાત નક્કી છે કે જે પોતાની capacityની સીટી વગાડે છે ભવિષ્યમાં તેમની પાત્રતા, ક્ષમતા ઘટવા લાગે છે. જે પોતાની ક્ષમતાનો ઉપયોગ નથી કરતા અને આળસ કરે છે તેમની ક્ષમતા પણ ઘટવા લાગે છે.

યાદ રાખજો, **અંદર અહંકારની બહુ બધી વરાળ ભેગી થઈ હોય એટલે પછી બહાર શબ્દોની સીટી વાગ્યા કરે.**

તમારા ઘરમાં કોઈ નવી વસ્તુ આવી હોય તો એ બધાને બતાવવી જોઈએ કે ન બતાવવી જોઈએ? પણ ઘણાને આદત હોય પ્રદર્શન કરવાની.

Capacityનો અહંકાર capacityને ગુમાવવાનું કારણ હોય છે.

વિશ્વાસ રાખો, તમને મળેલી સફળતા કાયમ તમારી જ રહેશે, જો તમે ક્યારેય પોતાની capacityની સીટી નહીં વગાડો તો!

“

Capacityની
સીટી વગાડવામાં
આવે ત્યારે એ
સફળતા ટકતી
જ નથી.

અંદર
અહંકારની બહુ બધી
વરાળ ભેગી થઈ
હોય એટલે પછી
બહાર શબ્દોની
સીટી વાગ્યા કરે.

”

?

Lifeમાં અનેક પ્રસંગો, ઘટનાઓ, પરિસ્થિતિઓ આવીને જતાં રહે છે, પણ એ પરિસ્થિતિઓના પસાર થયા બાદ પણ એની અસર મનઃસ્થિતિ પર કાયમ રહે છે. એવું ન થાય એના માટે શું કરવું?

15

એક હોય છે દરિયો અને એક હોય છે લહેર.

આખા દિવસમાં દરિયામાં અનેક લહેરો ઊઠતી હોય છે. ઊઠતી એ લહેરોમાંથી એક પણ લહેરનું આયુષ્ય ક્યારેય દરિયા જેટલું ન હોય. દરિયાનું પાણી કિનારાને સ્પર્શે એ પહેલાં તો લહેર સમાપ્ત થઈ જાય છે.

પણ લહેર હોય શું?

એક લહેર દરિયામાંથી જન્મે, દરિયામાં જ જીવે અને દરિયામાં જ વિલીન થઈ જાય. એક પણ લહેર ક્યારેય કાયમ ન હોય, ક્યારેય permanent ન હોય. એ જન્મે, જીવે અને અંતે વિલીન થઈ જાય. દરિયો કાયમ હોય, permanent હોય, પણ દરિયાની લહેર ક્યારેય કાયમ ન હોય.

આપણો આત્મા દરિયા સમાન છે અને આત્મામાં જેટલી પણ અવસ્થાઓ છે એ બધી અવસ્થાઓ પણ દરિયામાં ઊઠતી લહેરો સમાન છે જે જન્મે છે, જીવે છે અને અંતે એ નાશ પામી જાય છે.

તમે check કરો કે તમારી lifeના કોઈ પણ પ્રસંગ, કોઈ પણ ઘટના, કોઈ પણ સ્થિતિ કે કોઈ પણ સંયોગો શું કાયમ રહ્યાં છે? દીકરાનાં લગ્નનો પ્રસંગ આવ્યો, આવીને જતો રહ્યો. આર્થિક સ્થિતિ ખરાબ થઈ, ફરી થોડા દિવસમાં સુધરી ગઈ. પીડા આવી, વેદના આવી અને આવીને જતી રહી. સન્માનનો પ્રસંગ આવ્યો અને એ પણ પૂરો થઈ ગયો.

દરેક પ્રસંગ, દરેક સંયોગ, દરેક ઘટના, દરેક સ્થિતિ આવે છે અને જતાં રહે છે. એ ક્યારેય કાયમ ટકતાં નથી, permanent નથી રહેતાં, પણ થાય છે એવું કે તમે એ temporary situationsને permanent માની લો છો. એથી જ એ તમારી lifeમાં એક અસર છોડી જાય છે.

માનો કે આજે કોઈએ તમારા પર ગુસ્સો કર્યો તો શું એ કાયમ રહેશે?

ના, અત્યારે એના આત્મામાં ક્રોધ નામની એક લહેર ઊઠી છે અને થોડીવારમાં એ શાંત થઈ જશે. એ કાયમ ટકવાની નથી. એ પણ જતી રહેશે.

આત્મા તો કાયમ જ રહે છે, પણ એનાં emotions જન્મે, જીવે અને નાશ પામે છે. તમારા જીવનમાં ગમે તે પ્રસંગ આવે, તમને ખબર હોવી જ જોઈએ કે આ એક લહેર આવી છે અને એ પણ જવાની જ છે.

જે આ સમજનાં પગથિયાં પર ચડી જાય છે તે જીવનમાં સમાધિના મંદિર સુધી પહોંચી શકે છે.

જો તમારી સાથે ઘટતી ઘટનાને, તમારા જીવનમાં આવતા નાના-મોટા પ્રસંગોને તમે Life નામના દરિયામાં ઊઠતી લહેર સમજશો તો તમે એમાં ભળશો નહીં અને ભળશો નહીં તો સુખી કે દુઃખી નહીં થાઓ.

જો તમારી પાસે આ સમજ હશે તો તમારી વિચારધારા બધા કરતાં કંઈક અલગ હશે.

બની શકે છે કે એક સમયે તમારા પ્રત્યે અત્યંત લાગણી દર્શાવનારા આજે તમારી સામું પણ ન જોતા હોય. એવું પણ બની શકે કે સાવ અજાણી અને નવી જ વ્યક્તિ તમારી ખૂબ જ સારસંભાળ રાખતી હોય.

Lifeના આવા દરેક પ્રસંગમાં તમારી પાસે સમજ હશે, એ સમયે તમે alert થઈ જશો કે લાગણી પણ એક લહેર છે, એક અવસ્થા છે જે થોડી ક્ષણો અને થોડા સમય માટે જ રહેવાની છે એટલે મારે એમાં ભળીને અને એમાં જોડાઈને સુખી કે દુઃખી થવું નથી.

જ્યારે-જ્યારે તમારા ચહેરાની મુસ્કાન ખોવાઈ જાય છે ત્યારે-ત્યારે સમજી જવું કે તમે ક્ષણિક ઊઠેલી લહેરમાં ભળી ગયા છો.

યાદ રાખજો,

Life પણ એક લહેર છે, આત્મારૂપી દરિયાની.

બહુ દૂરથી જ્યારે દરિયાની લહેર આવતી હોય ત્યારે એમ લાગે કે આને હજુ કિનારે પહોંચતાં બહુ વાર લાગશે, પણ લહેર ગમે તેટલી દૂર હોય, એક ને એક દિવસ તો એ કિનારાને મળી જ જાય છે અને સમાપ્ત થઈ જાય છે.

એવી જ રીતે life પણ એક લહેર છે અને એને પણ એક દિવસ કિનારો મળવાનો જ છે, એ સમાપ્ત થવાની જ છે.

ઘણીવાર કોઈ ઘરમાંથી નાની વ્યક્તિની વિદાય થાય ત્યારે આઘાત લાગે કે તે આટલી નાની ઉંમરમાં કેવી રીતે મૃત્યુ પામી ગયા? પણ યાદ રાખવાનું કે દરિયામાં નાની લહેરો પણ હોય અને મોટી લહેરો પણ હોય. દરિયામાં ક્યારેક ઊંચી લહેરો હોય તો ક્યારેક નીચી અને શાંત લહેરો પણ હોય.

તમને કદાચ તમારી લહેરની size ખબર ન હોય, પણ એટલી ખબર તો જરૂર હોવી જ જોઈએ કે દિવસે-દિવસે કિનારો નજીક આવી રહ્યો છે, દિવસે-દિવસે મૃત્યુરૂપી કિનારો તમારી નજીક આવી રહ્યો છે.

Lifeમાં જેટલું અને જે કંઈ પણ સર્જાય એ સમયે એક સૂત્ર સમજાઈ જવું જોઈએ કે,

મને જે દેખાય છે એ એક લહેર છે,

મને જે સંભળાય છે એ એક લહેર છે,

મને જે અનુભવાય છે એ પણ એક લહેર છે.

Lifeનો હરએક પ્રસંગ, Lifeની હરએક ઘટના લહેર છે, કારણ કે life પોતે જ એક લહેર છે. એક મારો આત્મા જ કાયમ છે, બાકી આત્મામાંથી ઊઠતી હરએક અવસ્થા ક્ષણિક છે, અશાશ્વત છે. એટલે જ સુખના પ્રસંગે બહુ સુખી ન થવું અને દુઃખના પ્રસંગે વધારે દુઃખી ન થવું.

સુખ હોય કે દુઃખ હોય, બન્ને પ્રકારની સ્થિતિ અને સંયોગોમાં તમારા ચહેરાનું સ્મિત યથાવત્ રહેવું જોઈએ.

લહેરો તમારા સ્મિતને છીનવી ન જાય એટલી સાવધાની રાખવી જોઈએ.

લાગણી, ઇચ્છાઓ, વિચારો, વ્યક્તિઓ, વસ્તુઓ, સંબંધો, વાતાવરણ અને તમામ emotions બધું જ આત્મા નામના દરિયામાંથી ઊઠતી લહેરો છે અને લહેરોનું સર્જન માત્ર સમાપ્ત થવા માટે થયું છે.

માટે કોઈ અપમાન કરે ત્યારે ક્રોધ કરવો નહીં, કોઈ સ્નેહ બતાવે ત્યારે એના રાગી બનવું નહીં.

માત્ર એટલું જ યાદ રાખવું કે અત્યારે એ દરિયામાં ખુશીની લહેર આવી છે અથવા ક્રોધની લહેર આવી છે, મારે એમાં ભળીને રાગ-દ્વેષ કરવા નથી. મારે મારા ભાવોની લહેરને કચરાવાળી મલિન બનાવવી નથી.

મારે કચરાવાળી લહેરો લઈને કિનારે પહોંચવું નથી.

એક જ સિદ્ધાંત યાદ રાખવાનો,

મારે temporary લહેરોમાં મારા આત્માની પ્રસન્નતા ગુમાવવી નથી. મારે મારી લહેરને મલિન કરવી નથી અને મારે મલિન લહેર સાથે કિનારે પહોંચવું નથી.

મારે રાગ-દ્વેષથી મલિન આત્મા સાથે મૃત્યુને શરણ થવું નથી.

આ રીતે lifeને લહેર માનીને આપણે આપણા જીવનમાં વિશ્વાસ રાખવો કે કોઈ પણ દુઃખદ પરિસ્થિતિ ક્યારેય આપણી મનઃસ્થિતિને દુઃખી નહીં કરી શકે.

“

લહેરો તમારા
સ્મિતને છીનવી
ન જાય એટલી
સાવધાની
રાખવી જોઈએ.

જીવનમાં ગમે
તે પ્રસંગ આવે,
તમને ખબર
હોવી જ જોઈએ કે
આ એક લહેર
આવી છે અને
એ પણ જવાની જ છે.
”

?

મહાન બનવું બધાને ગમે છે, પણ મહાન કઈ રીતે બની શકાય?

16

આગ અને પવન.

જો આગ નાનકડી હોય તો પવન એને શાંત કરી શકે છે, બુઝાવી શકે છે, પરંતુ જો આગ મોટી હોય તો પવન એને support કરીને વધારી પણ શકે છે.

મહાપુરુષો, મહાન આત્માઓ આગ સમાન હોય છે અને તેમના માટે પ્રતિકૂળતા એ પવન સમાન હોય છે.

જેમ-જેમ પ્રતિકૂળતા વધે તેમ-તેમ મહાપુરુષોનો વિકાસ વધતો જાય છે. જેમ-જેમ પ્રતિકૂળતા આવે છે તેમ-તેમ તેમનું આંતરિક સત્ત્વ અને ક્ષમતા વિકસવા લાગે છે, જ્યારે સામાન્ય વ્યક્તિ પ્રતિકૂળતાથી ડરી જાય છે, ભયભીત થઈ જાય છે, ગભરાઈ જાય છે અને એના કારણે તેની ક્ષમતા પણ રૂંધાઈ જાય છે.

જેમ પવન વિનાની આગનું કોઈ માપ ન નીકળે કે એ આગ રહેશે કે બુઝાઈ જશે એમ પ્રતિકૂળતા વિના વ્યક્તિનું માપ ન નીકળે કે તેની ક્ષમતા સામાન્ય માનવી જેવી છે કે મહાપુરુષ જેવી છે, તેનો વિકાસ પ્રગતિકારક છે કે રૂંધાઈ જાય એવો છે.

માટે જ તમારી lifeમાં જ્યારે-જ્યારે જે-જે પ્રતિકૂળતાઓ આવે તમારે એનું સ્વાગત કરવું જોઈએ, એનો સ્વીકાર કરવો જોઈએ,

કેમ કે પ્રતિકૂળતા તમારી પ્રગતિ કરાવવા માટે, તમારો વિકાસ કરાવવા માટે જ આવે છે.

તમારી સામે ગમે તેટલાં negative તત્ત્વો હોય, પણ જો તમારી અંદર સત્યનું સત્ત્વ હોય તો તમારી ક્ષમતા ખીલ્યા વિના રહે જ નહીં.

ભૂતકાળમાં અને વર્તમાનકાળમાં જેટલા પણ મહાપુરુષો થઈ ગયા છે, જેટલા પણ શ્રેષ્ઠ ગુરુ થઈ ગયા છે અને જેટલા અત્યારે પોતાનાં સત્ત્વ અને ક્ષમતાને વિકસાવી રહ્યા છે એ બધાનું મૂળ પરિબળ છે પ્રતિકૂળતા.

મહાવીર હોય કે બુદ્ધ હોય, ચંદનબાળા હોય કે મીરાંબાઈ હોય કે પછી મહાત્મા ગાંધી હોય, આ બધાં જ મહાપુરુષોનાં જીવનનું પરિબળ પ્રતિકૂળતા છે.

મહાનતા ક્યારેય દુઃખ વગર પ્રગટતી જ નથી. **દુઃખ જ મહાનતાનું સર્જન કરે છે.**

અનુકૂળતાનું ચડાણ મનગમતું, સહજ અને સુખદાયક લાગી શકે, પણ એ ચડાણ લપસણી જેવું હોય છે. એમાંથી ક્યારે લપસી જવાય ખબર જ ન પડે અને એકવાર જો જરાક લપસ્યા એટલે સીધા અને સડસડાટ નીચે.

જ્યારે પ્રતિકૂળતાનું ચડાણ કઠિન પગથિયાં જેવું હોય છે, કપરું અને કષ્ટદાયક હોય છે, પણ અંતે તો એ તમને શિખર સુધી પહોંચાડી જ દે છે.

શ્રેષ્ઠ વ્યક્તિનું સર્જન સદાય સંઘર્ષ અને પીડામાંથી જ થાય છે, કષ્ટો અને વેદનાને સહન કર્યા પછી જ થાય છે. માટે જ, પ્રતિકૂળતાને જોઈને ક્યારેય પ્રતિકૂળ ન બનો પણ સ્વયં પ્રતિકૂળતાને અનુકૂળ બની જાવ.

પ્રતિકૂળતાને જોઈને જે અનુકૂળ બની જાય છે તે strong બની જાય છે, તે સહનશીલ બની જાય છે, તે સક્ષમ બની જાય છે અને તે જ શ્રેષ્ઠ બની જાય છે.

આજે ઘણાબધા દર્દીઓ એવા હોય છે જેઓ દર્દથી ઓછા પણ દર્દના નામથી, દર્દના ભયથી જ ગભરાઈને મૃત્યુ પામી જતા હોય છે. પણ જે દર્દનો સ્વીકાર કરી લે છે, આવેલી તકલીફને અનુકૂળ બની જાય છે તે જ દર્દ સામે લડી શકે છે અને તે જ દર્દને હરાવી પણ શકે છે.

વિપત્તિ એ પવન સમાન હોય છે. એ તમારો વિનાશ પણ કરી શકે છે અને વિકાસ પણ કરી શકે છે.

ભગવાન મહાવીર જ્યારે જંગલમાં એકલા વિચરતા હતા, સાધના કરતા હતા ત્યારે તેમણે અનેક પ્રતિકૂળતાઓનો સામનો

કરીને ઠંડી-ગરમીને સહન કરી, અજ્ઞાનીઓ દ્વારા થતાં અપમાનો સહન કર્યાં અને દેવો દ્વારા દેવાયેલા અનેક ઉપસર્ગોને પણ સ્વીકારભાવે, સમતાભાવે સહન કર્યા અને ત્યારે જ તેમની વીરતા પ્રગટ થઈ અને ત્યારે જ તે મહાવીર કહેવાયા.

હારી જવું અને હતાશ થવું એ કાયરતા છે અને પ્રતિકૂળતા વચ્ચે પણ માર્ગ કાઢી એને અનુકૂળ થવું એ વીરતા છે.

ગમે તેવી પ્રતિકૂળતા આવે, ગમે તેવી તકલીફ આવે કે ગમે તેવું નુકસાન થાય ત્યારે એટલું જ યાદ રાખવું કે હજી તમે 'આવતીકાલ' નથી ગુમાવી.

આવતીકાલ હજી તમારી પાસે જ છે અને જેની પાસે આવતીકાલ હોય છે તે ગઈકાલનું ગુમાવેલું બધું જ પાછું મેળવી શકે છે. આ આત્મવિશ્વાસ જ તમને પ્રતિકૂળતામાં પણ અનુકૂળ થવાની પ્રેરણા કરે છે.

જેમ-જેમ વ્યક્તિની અંદરનો આત્મવિશ્વાસ વધતો જાય છે તેમ-તેમ વિશ્વશક્તિ પણ એના વિકાસમાં એને support કરવા લાગે છે. જે વ્યક્તિ પ્રતિકૂળતાથી નિરાશ થઈ જાય છે, હારી જાય છે, હતાશ થઈ જાય છે ત્યારે વિશ્વશક્તિ તેની હારમાં support કરવા લાગે છે.

વિશ્વશક્તિ એ એક support છે. તમે positive છો તો તમને વિશ્વશક્તિનો positive support મળે છે અને તમે જો negative છો તો વિશ્વશક્તિનો negative support મળે છે.

પ્રતિકૂળતાનું વાવાઝોડું ગમે તેટલું જોરદાર હોય, પણ જો તમારા સત્ત્વની આગ strong હશે તો એ વિશ્વશક્તિ દ્વારા પ્રતિકૂળતા પણ તમારી supporter બની જશે અને તમારા સત્ત્વને વધારે ને વધારે પ્રજ્વલિત કરી પ્રગતિકારક બનાવી દેશે.

પ્રતિકૂળતાને તમારી અનુકૂળતા બનાવવી અને પ્રતિકૂળતાને અનુકૂળ બની જવું એ જ સુખી થવાનો ઉપાય છે.

ત્રણ પ્રકારની પ્રતિકૂળતા હોઈ શકે છે :

વસ્તુની, વ્યક્તિની અને વાતાવરણની. જો તમે એ પ્રતિકૂળતાને અનુકૂળતામાં convert કરવાનો એક પ્રયોગ કરશો તો પ્રતિકૂળતા સામે ચાલીને સ્વયં અનુકૂળ બની જશે.

પણ મોટા ભાગે થાય છે શું? પ્રતિકૂળતા જરાક આવી નથી કે વ્યક્તિ હતાશ થઈ જાય છે, દુઃખી થઈ જાય છે, depressionમાં આવી જાય છે, upset થઈ જાય છે, ગભરાઈ જાય છે. પણ યાદ રાખજો,

અનુકૂળતામાં તો બધા હસતા રહી શકે, પણ પ્રતિકૂળતામાં જે હસતા રહે છે તે જ મહાન બની શકે છે.

મહાપુરુષોની જેમ પથ્થરના પીપળા બનતાં શીખવું જોઈએ. કેટલાંક પીપળાનાં ઝાડ જમીન પર ઊગે અને વિકાસ પામે અને

કેટલાંક પીપળાનાં ઝાડ પથ્થરોની વચ્ચે ઊગે, પથ્થરોની વચ્ચેથી એમનો માર્ગ કાઢીને વિકસિત થાય.

હવે જ્યારે વાવાઝોડું આવે ત્યારે જમીન પરના પીપળા પડી જાય, કેમ કે એ અનુકૂળતામાંથી વિકસિત થયેલા હોય તથા એને શરૂઆતથી જ પોચી અને ફળદ્રુપ જમીન, અનુકૂળ વાતાવરણ, યોગ્ય પાણી અને સિંચન મળ્યાં હોય, જ્યારે પથ્થરોની વચ્ચે ઊગેલા પીપળા પાસે કોઈ અનુકૂળતા ન હોય, પણ પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ એણે માર્ગ કાઢીને મૂળિયાંને મજબૂત બનાવ્યાં હોય અને એમાં double શક્તિ વાપરી હોય એટલે વાવાઝોડાની પ્રતિકૂળતા વખતે પથ્થર જ એના માટે support બની જાય છે.

અનુકૂળતા જ્યારે અતિ થઈ જાય છે ત્યારે એ જ અનુકૂળતા પ્રતિકૂળતા બની જાય છે. પ્રતિકૂળતાની વચ્ચે પાંગરેલા પીપળાને કોઈ પ્રતિકૂળતા નડતી નથી.

શહેરના સુખી-સંપન્ન અને અનુકૂળ વાતાવરણમાં રહેલું બાળક જરાક તડકામાં બહાર નીકળે તો તેને sun-stroke લાગી જાય અથવા જરાક ઠંડી હવા લાગે તો તરત જ શરદી થઈ જાય, જ્યારે ઝૂંપડામાં રહેતો ગરીબ બાળક ખુલ્લા આકાશ નીચે આખો દિવસ તડકામાં રમે તો પણ તેને કોઈ sun-stroke ન લાગે અને જો તે ધોધમાર વરસાદમાં પલળે તો પણ તેને શરદી ન થાય.

કેમ?

કેમ કે ઝૂંપડામાં રહેતાં તે બાળકો પથ્થરના પીપળા સમાન હોય, પહેલેથી જ પ્રતિકૂળતાનો સ્વીકાર કરતાં શીખ્યાં હોય.

માટે જ,

જિંદગી નામની સુખની થાળીમાં ગમે તેટલી અનુકૂળતારૂપ sweets હોય, પણ સાથે એકાદ પ્રતિકૂળતારૂપ તીખું મરચું પણ હોવું જોઈએ.

સુખને પચાવવા દુઃખ પણ જરૂરી છે. જેણે જિંદગીમાં દુઃખ જોયું નથી તેને સુખ પચતું નથી અને તેની સુખની દિશા એક દિવસ વિનાશની દિશા બની જાય છે.

માટે જ ભગવાનને પ્રાર્થના કરવી જોઈએ, હે પ્રભુ! સો સુખ આપજે, પણ એ સુખને પચાવવા માટે, એ સુખનું મૂલ્યાંકન સમજવા માટે થોડું દુઃખ પણ જરૂર આપજે.

જેણે જિંદગીમાં સુખને પચાવ્યું હોય, દુઃખ તેને ક્યારેય અસર કરે નહીં. એકવાર જેને સુખનો અપચો થાય, પછી તેને કોઈ સુખ ક્યારેય સુખી કરી ન શકે.

પ્રતિકૂળતા વચ્ચે પણ જેના ચહેરા પર પ્રસન્નતા હોય તેનું જ સત્ત્વ ખીલેલું હોય, તેની જ ક્ષમતા વિકાસની ગતિ તરફ હોય છે.

અને માટે જ એક સંકલ્પ કરવો જોઈએ કે હવે મારે મહાપુરુષોની જેમ પ્રતિકૂળતાથી ડરવું પણ નથી અને ડગવું પણ

નથી, હારવું પણ નથી અને હતાશ પણ નથી થવું, નિરાશ પણ નથી થવું અને નાસીપાસ પણ નથી થવું.

માટે વિશ્વાસ રાખવો કે,

ગમે તેવી પ્રતિકૂળતા વચ્ચે પણ જે હસતાં રહીને તેની સામે લડી લે છે, એનો સ્વીકાર કરી એને અનુકૂળ થઈ જાય છે તે પ્રતિકૂળતાને જ પગથિયાં બનાવીને પ્રગતિના શિખરે પહોંચી જાય છે.

“

મહાનતા ક્યારેય
દુઃખ વગર
પ્રગટતી જ નથી.
દુઃખ જ મહાનતાનું
સર્જન કરે છે.

અનુકૂળતામાં
તો બધા હસતા
રહી શકે, પણ
પ્રતિકૂળતામાં
જે હસતા રહે છે
તે જ મહાન
બની શકે છે.
”

?

પરમાત્માની કૃપાથી આ જીવનમાં ઘણુંબધું મળી ગયું છે, જે અત્યારે મળ્યું છે એ ભવિષ્યમાં પણ મળતું રહે એ માટે શું કરવું જોઈએ?

17

આજે મળેલાં સ્વજનો, ઘર, સુખ-સુવિધા, મિત્રો આપણને ગમે છે, એને આપણે સુખ માનીએ છીએ પણ વર્તમાનમાં મળેલું સુખ ભવિષ્યમાં પણ કાયમ રહે એ માટે એક પુરુષાર્થ કરવો જરૂરી છે. વર્તમાનમાં જે સુખ મળ્યું છે એ ભવિષ્યમાં માત્ર એવું જ નહીં પણ એનાથી અનેકગણું વધારે મેળવવાનો ઉપાય છે ઉપકારભાવ.

ઉપકારભાવ વારંવાર ઉપકારી તત્ત્વનો યોગ કરાવે છે.

ઉપકાર માનવાનો easy way એટલે 'Thank you' આ શબ્દને હૃદયના ભાવથી ઉચ્ચારવો. આજે મળેલું કંઈ પણ ગુમાવી ન દઈએ એ માટે ઉપકારોની અનુપ્રેક્ષા કરવાની છે. ઉપકારની અનુપ્રેક્ષા કરવા એ સર્વ તત્ત્વને યાદ કરવાં જોઈએ, જેણે આપણા જીવનમાં નાનામાં નાનો અને મોટામાં મોટો ઉપકાર કર્યો છે.

સૌથી પ્રથમ આપણે આપણાં પૂર્વનાં એ સર્વ સત્કર્મોનો ઋણ સ્વીકાર કરવો જોઈએ, જેના કારણે આ ભવમાં સત્કર્મ કરવાની તક મળી છે, સત્કર્મ કરી શકીએ એવા યોગ-સંયોગ પ્રાપ્ત થયા છે. માનો કે જીવનમાં આજે તમે જેટલાં પણ સત્કાર્ય કરો છો, એ કરવાના તમને ભાવ જ ન જાગ્યા હોત તો?

યાદ રાખજો, **સત્કાર્ય કરવાના ભાવ આપણાં પૂર્વે કરેલાં એ પ્રકારનાં શુભ કર્મોના આધારે જ આપણને થાય છે.**

ક્યારેય વિચાર આવ્યો છે કે એ સત્કાર્યોને મારે thank you કહેવું છે? આજ સુધી ભલે તમે ઉપકારની અનુભૂતિ ન કરી હોય, તો આજે કરી લો.

સત્કર્મોને અહોભાવપૂર્વક સ્મરણમાં લાવીને વારંવાર સત્કર્મો દ્વારા સત્યોગની પ્રાપ્તિ થાય એવી પ્રાર્થના કરી લો. કારણ કે આ દુનિયાના કરોડો લોકોમાંથી જ્યારે તમને કાંઈક સત્કાર્ય કરવાની પ્રેરણા મળે છે, ત્યારે એની પાછળનું સહાયક બળ એટલે કે તમારાં પૂર્વનાં સત્કર્મોને ક્યારેય ભૂલવાં ન જોઈએ.

જો તમને આત્મજ્ઞાનની પ્રાપ્તિને યોગ્ય, સત્કર્મ કરી શકાય એ યોગ્ય, મનુષ્યભવરૂપી સાધન પ્રાપ્ત ન થયું હોત તો? આત્મજ્ઞાનની પ્રાપ્તિમાં નિમિત્તરૂપ આ ઇન્દ્રિયોયુક્ત દેહ પ્રાપ્ત ન થયો હોય તો? આ દેહ ધારણ કરાવનાર જન્મદાત્રી માતાનો તમારા પર મહાઉપકાર છે.

એકવાર યાદ કરો, જન્મથી આજ સુધી કેટલા ઉપકાર કર્યા છે તે માતાએ તમારા પર!

ક્યારેક અનાથાશ્રમના બાળક જેવી સ્થિતિ થાય એ પહેલાં ઉપકારોની અનુપ્રેક્ષા કરી, ઉપકારોને અનુભવી અને જો શક્ય હોય તો ઉપકારોની અભિવ્યક્તિ કરી લો.

'હે મા! તેં મને જન્મ આપીને મારા પર મહાઉપકાર કર્યો છે. તેં મારા સ્વસ્થ અને યોગ્ય ઉછેર માટે તારી ઇચ્છાને, તારા

શોખને, તારા સ્વાદને, તારા સુખને અને તારી સગવડોને છોડ્યાં છે. તેં મારા પર તારી મમતાનો ધોધ વહાવ્યો છે, મારી સંભાળ રાખી છે, મારામાં સંસ્કારનું સિંચન કર્યું છે એટલે જ મારું જીવન આજે સફળતાની દિશામાં છે. હું પૂર્ણપણે વિનયભાવે આપના ઉપકારોનો ઋણી છું. આપના આ ઉપકારોને ભાવપૂર્વક વંદન કરું છું.'

વિચારવા જેવું એ છે કે માતા-પિતાની value તમને વધારે હશે કે અનાથાશ્રમનાં બાળકોને?

જગતનો નિયમ છે, ગુમાવીએ ત્યારે તેમના ગુણ સમજાય. જ્યાં સુધી ગુમાવતા નથી ત્યાં સુધી તેમની કિંમત સમજાતી નથી. જ્યારે ગુમાવીએ છીએ ત્યારે જ realize થાય છે.

ઘણીવાર નાના–નાના જીવોની સહાયતાની નોંધ પણ આપણને થતી નથી. વિચાર કરો, પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ, વનસ્પતિ અને બીજા કેટલાય નાના-નાના જીવોને ક્યારેય તમે thank you કહ્યું છે ?

જે-જે ક્ષણે ઉપકાર અનુભવાય છે એ ક્ષણે આંતરિક વિનય પ્રગટ થાય છે.

વિનયના કારણે સર્વ ક્ષેત્રમાં માન, સન્માન, સફળતા અને સિદ્ધિ પ્રાપ્ત થાય છે, **જો તમારે જીવનમાં success જોઈતી હોય તો respect લાવવી જ પડશે.**

વિનયની જનની ઉપકાર હોય છે એટલે ઉપકારની અનુપ્રેક્ષા કરવી અત્યંત જરૂરી હોય છે.

કોઈએ તમને આંગળી પકડીને ચાલતાં શીખવ્યું, કોઈએ તમને મમતાભાવે બોલતાં શીખવ્યું, કોઈએ તમને અક્ષરજ્ઞાન શીખવ્યું તો કોઈએ ભાષાજ્ઞાન શીખવ્યું. School-collegeના teachersએ વિવિધ પ્રકારના વિષયો શીખવ્યા. કોઈએ કલા શીખવી તો કોઈએ business કરતાં શીખવ્યું. આમ અલગ-અલગ પ્રકારે અલગ-અલગ શિક્ષણ આપનાર સર્વ શિક્ષાદાતાઓનો વિનયભાવે ઋણસ્વીકાર કરવો જોઈએ.

માનો કે તમને શિક્ષણની અનુકૂળતા મળી હોત પણ યોગ્ય શિક્ષાદાતા ન મળ્યા હોત તો? ક્યારેય એવું બન્યું કે સફળતા પામ્યા બાદ તમને પાયાનું જ્ઞાન દેનાર તે શિક્ષાદાતાનો ઉપકાર યાદ આવ્યો હોય? આજ સુધી ન કર્યું હોય તો હવે કરી લો, ‘હે શિક્ષાદાતાઓ! આપ સર્વએ કરેલા ઉપકારોની વારંવાર અનુપ્રેક્ષા કરું છું. આપ સૌની સદ્‌ભાવનાને કારણે આજે હું સફળતાને યોગ્ય બન્યો છું. આપ સૌ મારા અનંત ઉપકારી છો.’

જ્યારે-જ્યારે ઉપકારનો સ્વીકાર થાય છે ત્યારે વ્યક્તિમાં નમ્રતા આવે છે અને એ જ નમ્રતા દ્વારા વ્યક્તિને વારંવાર એવા ઉપકારીઓનો યોગ પ્રાપ્ત થાય છે.

કહેવાય છે જેવો સંગ એવો રંગ. જન્મ બાદ તમારામાં સંસ્કારોનો જન્મ કરાવનાર હોય છે તમારા પરિવારજનો! અનેક

સંયોગોની વચ્ચે પણ તમારા પરિવારજનોએ તમારામાં ક્યાંક ને ક્યાંક દયાના, કરુણાના, અહિંસાના, આર્યત્વના, જૈનત્વના, પ્રેમના, મૈત્રીના, ક્ષમાના સંસ્કારોનું સિંચન કર્યું છે. તમારા આત્મામાં સંવેદના જગાડીને 'સર્વ જીવો મારા જીવ સમાન છે' એ ભાવના પ્રગટાવી છે.

ઉપકારીઓની જ્યારે ઉપેક્ષા કરવામાં આવે છે ત્યારે એ ઉપકારની ઉપેક્ષાથી આપણને એનો વિયોગ થાય છે. આપણું ભવિષ્ય પરિવાર વગરના સ્થાનમાં નિયત થઈ જાય છે. કોઈ કૂતરાના પગ પરથી car પસાર થઈ જાય ત્યારે કોણ હોય એની સેવા કરવાવાળું? એની care કરવાવાળું? જ્યારે આપણે પરિવારજનોનો ઉપકાર નથી માનતા ત્યારે આવું જ કંઈક ભવિષ્ય આપણું પણ નિયત થતું હોય છે, માટે તેઓના ઉપકારને પણ ભાવપૂર્વક વંદન કરો,

'હે મારા પરિવારજનો! આપ સૌ મારા સત્‌ઉપકારીઓ છો. આપની આ સદ્‌ભાવનાને કારણે જ પ્રભુધર્મની સમજ મને પ્રાપ્ત થઈ, પ્રભુધર્મ પ્રત્યે અહોભાવ પ્રગટ થયો, સંત-સતીજીઓનાં દર્શન અને શ્રવણનો યોગ પ્રાપ્ત થયો, ધર્મનું લક્ષ જાગ્રૃત થયું. આપ સર્વનો અહોભાવપૂર્વક ઋણસ્વીકાર કરીને બે હાથ જોડી, મસ્તક નમાવી ભાવથી ઉપકારનો સ્વીકાર કરું છું.'

અને મહાઉપકાર માનો પ્રભુનો,

હે પ્રભુ!

'જો આપનો ધર્મ ન મળ્યો હોત, આપના ધર્મની સમજ ન મળી હોત, આપની સમજને પાળનાર પરિવાર ન મળ્યો હોત તો હું પણ ક્રૂરતા, કઠોરતા, હિંસકતા જેવા ભાવોથી લિપ્ત થયો હોત, અન્ય જીવોને દુઃખી કરીને આનંદ પામતો હોત. મારી દરેક પ્રતિકૂળતામાં પ્રેરણા બનનાર પ્રભુ આપ જ છો.'

'જો આપના અંતરાત્મામાં પરંપરાથી પ્રાપ્ત થયેલી ધર્મભાવના પ્રગટી ન હોત તો આજે હું ક્યાં હોત? પ્રભુ! આપના ધર્મના કારણે હું અનેક પ્રકારનાં પાપોથી બચી રહ્યો છું, અનેક પ્રકારે કર્મોની નિર્જરા કરી રહ્યો છું, મારા અમૂલ્ય માનવભવને સાર્થક કરી રહ્યો છું.'

પ્રભુને આપણે ઘણીવાર યાદ કરીએ છીએ, પણ પ્રભુને યાદ કરીએ એટલી વાર પ્રભુના ઉપકારને જો યાદ કરીએ તો આ જીવનની દિશા બદલાઈ જાય. પ્રભુના નામસ્મરણ સાથે પ્રભુ ઉપકાર સ્મરણ જીવનને શ્રેષ્ઠ બનાવે છે.

ઉપકારભાવ એક એવો ભાવ છે જેના કારણે વ્યક્તિ કોઈ પણ વાત માટે જતું કરી શકે છે. જતું કરવાને કારણે સંબંધો સચવાય છે અને પરિગ્રહ છૂટવા લાગે છે.

ઉપકારની અનુભૂતિ કરવાથી પરિગ્રહ કઈ રીતે છૂટે?

પરિગ્રહ માત્ર સાધનો અને સંપત્તિઓનો જ નથી હોતો. વ્યક્તિના અંદર પરિગ્રહ હોય છે પોતાની બુદ્ધિનો, પરિગ્રહ હોય છે પોતાની માન્યતાઓનો અને પરિગ્રહ હોય છે પોતાના આગ્રહનો – 'જે હું કહું એ જ right, જે હું કહું એ જ યોગ્ય.' પરંતુ વ્યક્તિ જ્યારે બીજાને યોગ્ય અને શ્રેષ્ઠ માને ત્યારે તેમની માન્યતાનો પરિગ્રહ ઘટે અને તો જ તે તેમનો ઉપકાર માની શકે.

જેમ-જેમ ઉપકારભાવ વધે છે તેમ-તેમ સહનશીલતા પણ વધે છે. ઉપકાર સર્વનો સ્વીકાર કરાવે છે અને સ્વીકારભાવ જ આપણામાં સહનશીલતા લાવે છે. જે સહન કરે છે તે સુખી થાય છે, જે સહન કરે છે તે સદાય પ્રસન્ન હોય છે. એટલે ઉપકારભાવ આપણને સુખી કરવાની master key છે. જેને સદાય પ્રસન્ન રહેવું હોય તેને ઉપકારભાવમાં અભિવૃદ્ધિ કરવી જોઈએ.

આજે એક deep અનુપ્રેક્ષા કરવાની છે.

જેના કારણે અને જેના આધારે તમારું જીવન છે એવા પ્રાણવાયુને, oxygenને ક્યારેય thank you કહ્યું છે? ક્યારેય ભાવથી એનો આભાર માન્યો છે કે, 'તારા કારણે મારું જીવન છે, તું મારા માટે ઉપકારી છે?'

ક્યારેય એવો વિચાર પણ નથી આવ્યો.

આજે તમે જોશો કે કેટલાય એવા જીવો છે જેમને શ્વાસ લેવામાં તકલીફ થતી હોય છે, અસ્થમા જેવા દર્દથી પીડાતા હોય

છે. કેટલાય એવા જીવો છે જે જરાક ચાલે કે ચાર પગથિયાં ચડે ત્યાં શ્વાસ ચડી જાય. શા માટે?

કેમ કે તેમણે ક્યારેય શ્વાસનો વિનય કર્યો નથી, oxygenનો ઉપકાર માન્યો નથી.

કેટલાય જીવો પાણી વિના તરફડતા હોય છે, કેટલાયને પીવા માટે શુદ્ધ પાણી મળતું નથી, કેટલાયને ગંદા નાળાનું પાણી પીવું પડે છે. શા માટે?

કેમ કે ક્યારેય પાણીનો આદર કર્યો નથી, ક્યારેય પાણીના જીવોનો ઉપકાર માન્યો નથી.

આપણને જે વસ્તુ સહેલાઈથી મળી જાય છે, એનો ઉપકાર યાદ આવતો નથી અથવા ધીમે-ધીમે ભુલાઈ જાય છે. એ ન ભુલાઈ જાય અને એ ભૂલને ભવિષ્યમાં ન ભોગવવી પડે માટે ઉપકારભાવની આવશ્યકતા છે.

ઉપકારભાવના સહારે તમને આજે જે મળ્યું છે એના કરતાં સવાયું અને શ્રેષ્ઠ મળશે એવો વિશ્વાસ રાખજો.

“

ઉપકાર ભાવ
વારંવાર
ઉપકારી તત્ત્વનો
યોગ કરાવે છે.

ઉપકાર સર્વનો
સ્વીકાર કરાવે છે
અને સ્વીકારભાવ
જ આપણામાં
સહનશીલતા લાવે છે.

”

NOTES

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ...

એક એવા યુગપુરુષ છે, જેઓ કંડારેલી કેડી પર ન ચાલતાં, સમય અને સંજોગો અનુરૂપ કલ્યાણ કેડી કંડારી રહ્યા છે.

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ સ્વ અને સર્વના હિત, શ્રેય અને કલ્યાણ માટે યુગોથી ચાલતી પરંપરાનો આદર કરી કંઈક નવું, કંઈક અનોખું, પ્રેરણાદાયક અને પ્રગતિકારક કરવા પ્રબળ પુરુષાર્થ કરે છે, યુગને એક નવી દિશા અને દ્રષ્ટિ આપે છે, જેના દ્વારા વ્યક્તિને વ્યક્તિગત માર્ગદર્શન મળે છે. માટે જ, આજે દેશ-પરદેશના હજારો ભાવિકોના સાધનામાર્ગનું પ્રેરકબળ બન્યા છે.

જીવનના પ્રત્યેક step પર,

Failure ના phase ને દૂર કરીને,

solution ના face પર Success નો stamp એટલે

પરમ વિશ્વાસ!

PARASDHAM

₹ 200